આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડની ઔરંગાના ડ્રેજિંગ માટે સર્વે શરૂ

### ગાંધીનગરથી ટીમ આવતાં ગ્રામજનોમાં નદીની જળસંગ્રહ ક્ષમતા વધવાની આશા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** ચોમાસા દરમિયાન વલસાડ પંથકમાં પૂરની સમસ્યાથી કાયમી છુટકારો અપાવવા માટે વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. વર્ષોથી કાંપ જમા થવાને કારણે ચોમાસામાં પૂરનું સંકટ ઊભું કરતી ઔરંગા નદીના ડ્રેજિંગ માટે ગાંધીનગરથી એક વિશેષ સર્વે ટીમ વલસાડ આવી પહોંચી છે. ગાંધીનગરથી આવેલી ઉચ્ચ અધિકારીઓની સર્વે ટીમે ઔરંગા નદીના કિનારાના વિસ્તારોની મુલાકાત લીધી હતી. ટીમે નદીની વર્તમાન સ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કરી, ડ્રેજિંગની કામગીરી કઈ રીતે હાથ ધરી શકાય તે અંગેનો પ્રાથમિક સર્વે શરૂ કર્યો છે.

સર્વેની કામગીરી દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા. ગ્રામજનોએ અધિકારીઓ સમક્ષ આક્રોશ અને ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું. નદીમાં વર્ષોથી મોટા પ્રમાણમાં કાંપ જમા થઈ ગયો છે, જેના કારણે નદીની જળસંગ્રહ ક્ષમતા ઘટી ગઈ છે.

દર ચોમાસામાં સામાન્ય કરતાં વધુ વરસાદ થતાં જ નદી કિનારાના ગામોમાં પૂર જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાય છે. લોકોના માલ-સામાન અને ખેતીને વ્યાપક નુકસાન થાય છે, તેથી નદીને તાત્કાલિક ઊંડી કરી ડ્રેજિંગની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવે, ગ્રામજનોની આ ન્યાયી માંગને વલસાડના ધારાસભ્ય ભરત પટેલે પણ પૂરતો ટેકો આપ્યો હતો. તેમણે સ્થળ પર હાજર રહીને સ્થાનિકોની રજૂઆતો ગંભીરતાથી સાંભળી હતી અને ગાંધીનગરથી આવેલા સંબંધિત અધિકારીઓ સમક્ષ આ બાબતે અસરકારક રજૂઆત કરી હતી. ધારાસભ્ય ભરત પટેલે અધિકારીઓને સ્પષ્ટ જણાવ્યું હતું કે, લોકોની સુરક્ષા અને આ સમગ્ર વિસ્તારના હિતને ધ્યાનમાં રાખીને ડ્રેજિંગ અંગેની જરૂરી પ્રક્રિયા અને વહીવટી કાર્યવાહી ખૂબ જ ઝડપથી હાથ ધરવી અનિવાર્ય છે.ગાંધીનગરની ટીમ દ્વારા સર્વે હાથ ધરાયા બાદ અને સ્થાનિક ધારાસભ્યની સક્રિયતાને કારણે ગ્રામજનોમાં એક આશાની કિરણ જાગી છે. હવે જોવાનું એ રહેશે કે સંબંધિત વિભાગ અને સરકાર દ્વારા આ ડ્રેજિંગ પ્રોજેક્ટ અંગે આગામી દિવસોમાં શું આખરી નિર્ણય લેવામાં આવે છે અને ક્યારે પ્રત્યક્ષ કામગીરી શરૂ થાય છે.

## વાપી સ્ટેશન પર બ્લોકને કારણે શનિ-રવિએ અનેક ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** પશ્ચિમ રેલવેના વાપી રેલવે સ્ટેશન પર મશીન સાઈડિંગ કમિશનિંગ તથા સિગ્નલિંગ સંબંધિત કામગીરીને કારણે ૧૮ અને ૧૯ જુલાઈ દરમિયાન પ્રિ-નોન-ઈન્ટરલોકિંગ અને નોન-ઈન્ટરલોકિંગ બ્લોક લેવામાં આવશે. આ કામગીરીને કારણે મુંબઈ-ગુજરાત રૂટ પર દોડતી અનેક મેલ, એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોના સંચાલન પર અસર પડશે. કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જ્યારે કેટલીક ટ્રેનોને આંશિક રીતે રદ અથવા ટૂંકા રૂટ સુધી મર્યાદિત કરવામાં આવી છે. બોરીવલીથી સવારે ૭:૨૦ વાગ્યે ઉપડતી ટ્રેન નં. ૬૯૧૩૯ બોરીવલી-વલસાડ મેમુ માત્ર ભિલાડ સુધી જ દોડશે અને ભિલાડથી વલસાડ વચ્ચેની સેવા રદ રહેશે. તેમજ વડોદરા-દહાણુ રોડ એક્સપ્રેસ માત્ર વલસાડ સુધી જ દોડશે, જ્યારે વલસાડથી દહાણુ રોડ વચ્ચેનો રૂટ રદ રાખવામાં આવ્યો છે. ઉપરાંત અનેક લાંબા અંતરની મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને ૩૦થી ૫૦ મિનિટ સુધી મોડી દોડાવવામાં આવશે અથવા નિયંત્રિત કરવામાં આવશે.

## શિલ્ધાના ત્રણ પુલ પાણીમાં ગરકાવ



**અચાનક નદીનું જળસ્તર ઝડપી વધી જતા રોજિંદા કામકાજ, વિદ્યાર્થીઓને તેમજ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલ જવામાં હાલાકીનો સામનો કરવો પડયો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૧૭ :** કપરાડા તાલુકાના સિલ્ધા ગામના પટેલ ફળિયામાં આવેલી ચવેચા નદી પરનો કોઝવે પુલ ભારે વરસાદના કારણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સતત વરસેલા વરસાદને પગલે ચવેચા નદીમાં પાણીનો પ્રવાહ વધતાં પુલ પરથી પાણી ફરી વળ્યું હતું, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. ચવેચા નદી આગળ જઈને કોલક નદીમાં મળી જતાં ઉપરવાસમાંથી આવેલા પાણીના કારણે નદીનું જળસ્તર ઝડપથી વધ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

પુલ પર પાણી ફરી વળતાં પટેલ ફળિયા સહિત આસપાસના કુલ સાત ફળીયાના લોકોનો મુખ્ય માર્ગ સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.આ ઉપરાંત ગામના બીજા બે કોઝવે પાણીમાં ગરક થતા ગ્રામજનોને રોજિંદા કામકાજ, વિદ્યાર્થીઓને શાળા-કોલેજમાં જવા તેમજ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલ પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પાણીનો પ્રવાહ ઓછો થાય ત્યાં સુધી અનેક લોકોને કલાકો સુધી રાહ જોવાની ફરજ પડી હતી. સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું હતું કે, દર ચોમાસામાં આ કોઝવે પુલ પાણીમાં ગરકાવ થવાથી આવી જ સ્થિતિ સર્જાય છે. તેથી હાલના કોઝવે પુલને બદલે ઊંચાઈ ધરાવતો નવો પુલ બનાવવામાં આવે તો વરસાદી મોસમ દરમિયાન સાતેય ફળીયાના લોકોને અવરજવર માટે મુશ્કેલીનો સામનો કરવો ન પડે. ગ્રામજનોએ રાજ્ય સરકાર અને સંબંધિત તંત્રને આ દિશામાં વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

#### શહેરની સ્વચ્છ, સુંદર બનાવવાની કામગીરી

## વલસાડમાં ટ્રાફિકને અડચણરૂપ ૧૬થી વધુ વાહનો જપ્ત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ શહેરને સુંદર અને વ્યવસ્થિત બનાવવાના અભિયાન અંતર્ગત જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ એક્શન મોડમાં જોવા મળી રહી છે. વલસાડ શહેરના મુખ્ય માર્ગ ગણાતા અને સતત અવરજવરથી ધમધમતા અબ્રામા રોડ પર આડેધડ વાહન પાર્ક કરીને ટ્રાફિકને અડચણરૂપ બનતા તત્વો સામે ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય માટે બનાવવામાં આવેલા વોકિંગ ટ્રેક અને તેની આસપાસના વિસ્તારોમાં કેટલાક વાહનચાલકો દ્વારા બેજવાબદારીપૂર્વક આડેધડ પાર્કિંગ કરવામાં આવતું હતું. જેને પગલે જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમે કડક કાર્યવાહી હાથ ધરીને વોકિંગ ટ્રેક પર તથા તેની આસપાસ ગેરકાયદેસર રીતે મુકવામાં આવેલા ૧૬ થી વધુ ટુ-વ્હીલર વાહનોને ડિટેન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, 'સ્વચ્છ વલસાડ' અંતર્ગત ગતરોજ જ નગરપાલિકાની ટીમ દ્વારા આ સમગ્ર રૂટ પર સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી, જે બાદ આજે ટ્રાફિક પોલીસે કાયદો હાથમાં લેનારાઓ સામે સપાટો બોલાવ્યો છે.

## સેલવાસમાં વરસાદ વચ્ચે ઝૂંપડી પર બાવળનું વિશાળ વૃક્ષ ધરાશાયી

### પરિવારના ૪ સભ્યોનો ચમત્કારિક બચાવ : ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી વૃક્ષને હટાવવાની કામગીરી હાથ ધરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૭ :** શુક્રવારે સેલવાસામાં વરસેલા મૂશળધાર વરસાદ દરમિયાન એક મોટો અકસ્માત ટળી ગયો હતો. કોર્ટ બિલ્ડિંગ પાછળ રહેતા શ્રમિક ગોવિંદ સૌવરાના ઝૂંપડા પર બાવળનું વિશાળ ઝાડ અચાનક ધરાશાયી થતાં જોરદાર ધડાકો સંભળાયો અને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે ઝૂંપડામાં સુનિતા (ઉ.વ. ૩૫), જાનકી (ઉ.વ. ૭૦), અંદાજે આઠ વર્ષનું એક બાળક સહિત પરિવારના કુલ ચાર સભ્યો હાજર હતા. ઝાડ સીધું ઝૂંપડા પર પડ્યું હોવા છતાં સદનસીબે કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નહોતી. પરિવારના તમામ સભ્યો ચમત્કારિક રીતે સુરક્ષિત બહાર નીકળી આવ્યા, જેને સ્થાનિકોએ ઈશ્વરની કૃપા ગણાવી હતી ઘટનાની જાણ થતાં જ ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તૂટી પડેલા વિશાળ બાવળના ઝાડને હટાવવાની કામગીરી શરૂ કરી હતી. કામગીરી પૂર્ણ થયા બાદ આસપાસના વિસ્તારમાં અવરજવર ફરી સામાન્ય બની હતી. આ ઘટનાએ જોખમી અને જૂના વૃક્ષોની સમયસર દેખરેખની જરૂરિયાત ફરી એકવાર ઉજાગર કરી છે. પરિવારનો આબાદ બચાવ થતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો

## અઠવાડિયા બાદ ફરી જિલ્લામાં મેઘરાજાની પધરામણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** મેઘરાજાએ એક અઠવાડિયા સુધી વિરામ લીધા બાદ આજરોજ વલસાડ જિલ્લામાં વરસાદ પડતા અસહ્ય ગરમીથી રાહત મળી છે. જ્યારે ખેડૂતોને ખેતરમાં ઊભા પાકોને જીવત દાન મળી ગયા છે. આજરોજ વલસાડ જિલ્લામાં વલસાડમાં એક, ધરમપુરમાં એક, પારડીમાં એક, કપરાડામાં ત્રણ, નાનાપોંડામાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જયારે ઉમરગામમાં અડધો ઇંચ વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લામાં દસ દિવસ અગાઉ મેઘરાજાએ પાંચ દિવસ સુધી મન મૂકી વરસી પડતા જળબંબાકાર અને પાણી ભરાવાના કારણે જળબંબાકાર અને વરસાદી પાણી ભરાવાના કારણે દુકાનો, મકાનો, ઘરોમાં પાણી ભરાતા નુકસાન થયું છે. મેઘરાજાએ એક અઠવાડિયા સુધી વિરામ લીધો હતો. જે બાદ આજરોજ બપોરે ફરીવાર વરસાદ ચાલુ થતા અસહ્ય ગરમી અને બપોર આમાં લોકોને રાહત મળી હતી.

વરસાદ પડતા ખેડૂતોના ખેતરમાં ઊભા પાકને જીવનદાન મળી ગયું હતું. વલસાડ જિલ્લામાં આજરોજ સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી વલસાડ તાલુકામાં એક ઈંચ, ધરમપુર તાલુકામાં એક ઈંચ, પારડી તાલુકા એક ઈંચ,કપરાડા તાલુકા ત્રણ ઈંચ, નાનાપોંઢા તાલુકા એક ઈંચ, ઉમરગામ તાલુકો અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

## ધરમપુર તાલુકામાં ૨૦ મહેસૂલી તલાટીઓના સેજાની ફાળવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૭ :** ધરમપુર તાલુકામાં મહેસૂલી વહીવટને વધુ સુચારૂ, ઝડપી અને અસરકારક બનાવવા મામલતદાર તથા કાર્યપાલક મેજીસ્ટ્રેટ એચ. એમ. ધોળીયાએ મહેસૂલી તલાટીઓના સેજાની નવી ફાળવણી અંગે હુકમ જાહેર કર્યો છે. તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઈ-સાઈન સાથે બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ કલેક્ટર વલસાડના બદલી અને નિમણૂકના હુકમોના અનુસંધાને તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૨૦ મહેસૂલી તલાટીઓને નવા સેજાની જવાબદારી સોંપવામાં આવી છે. નવી ફાળવણી મુજબ વિરલ ડી. પટેલને કરંજવેરી, ભાગ્યેશ્વરી ચૌધરીને રાજપુરી, પ્રીતીબેન ભીંસરાને આંબા તલાટ, યોગેશભાઈ ભોયાને બીલપુડી, ઈલેશભાઈ લિમગરાસિયાને ભેંસદરા, અક્ષય નાયકને બામટી, શિવાંગીકુમારીને બરૂમાળ, અંકુરભાઈ કુંવરને પીંડવળ, કુનેશકુમાર ચૌધરીને મોટી કોરવળ, પિનાઝકુમારી પટેલને ધામણી, આર્યનકુમાર પટેલને ગડી, પાર્થકુમાર પટેલને હનમતમાળ, મયંકકુમાર પટેલને ગુંદીયા, ટિંકલબેન પટેલને લાકડમાળ, પાર્થ કમલેશભાઈ પટેલને આંબોસી, ખિલનકુમારી ઉચાબેડિયાને બારોલીયા, અમરભાઈ ભોયાને તુતરખેડ, કૃણાલકુમાર ચૌધરીને પીપલપાડા, અજયકુમાર પવારને વીસી તથા અંકિતકુમાર ગરાસિયાને નડગધરી સેજાની જવાબદારી સોંપવામાં આવી છે.

મામલતદાર દ્વારા સંબંધિત તમામ તલાટીઓને તાત્કાલિક અસરથી પોતાના નવા સેજાનો ચાર્જ સંભાળી કામગીરી શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. આ નવી વ્યવસ્થાથી તાલુકાના મહેસૂલી વહીવટમાં વધુ સુવ્યવસ્થા આવશે અને ગ્રામજનોને સરકારી સેવાઓ વધુ ઝડપી અને સરળતાથી ઉપલબ્ધ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## વાપી સ્ટેશન બહાર બેફામ પાર્કિંગથી ધંધાધારીઓ ત્રાહીમામ : ગ્રાહકો ગુમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી રેલવે સ્ટેશનની બહાર તેમજ વાપી જનરલ સ્ટોરથી સરદાર ચોક સુધીના મુખ્ય માર્ગ પર બેફામ વાહન પાર્કિંગ અને રિક્ષા ચાલકોના અવ્યવસ્થિત ઉભા રહેવાના કારણે રોજબરોજ ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. ખાસ કરીને ટ્રેનના આગમન અને પ્રસ્થાનના સમયે વાહનોની લાંબી કતારો લાગતા મુસાફરોને સ્ટેશન સુધી સમયસર પહોંચવામાં ભારે મુશ્કેલી પડે છે. કેટલાક મુસાફરો ટ્રાફિકમાં ફસાઈ જતા ટ્રેન ચૂકી જવાના બનાવો પણ બન્યા હોવાનું જાણવા મળે છે.આ ઉપરાંત માર્ગ પર આવેલી કેટલીક દુકાનોની બહાર સવારથી મોડી સાંજ સુધી બાઈક, મોપેડ અને અન્ય વાહનો પાર્ક ટ્રેનમાં બેસી અન્ય શહેરમાં કામકાજ અર્થે કે નોકરીએ જતા લોકો કરી દેવામાં આવતા ગ્રાહકો તેમજ દુકાનદારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દુકાનો આગળ સતત વાહનો ઉભા રહેતાં અવરજવર કરવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ આ માર્ગ પર નિયમિત ટ્રાફિક વ્યવસ્થા જાળવવા, ગેરકાયદે પાર્કિંગ દૂર કરવા સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવાની માંગ થઈ રહી છે .

**શોપીંગમાં દુકાન વેચાણથી આપવાની છે**

વાપીમાં

એક દમ વ્યાજબી ભાવથી

સુપરસ્ટોર, કલાસીસ, દવાખાના લાયક

(લાઈટ-પાણીની સુવિધા સાથે)

દુકાન નં. G-1 (542 Sq.tt.), G-2 (542 Sq.tt.), G-3 (542 Sq.tt.) , G-5 (542 Sq.tt.)

સ્થળ : લેક પ્લેસ રેસીડેન્સી શોપીંગમાં, ગુરુદ્વારા સામે, લેકયુની બાજુમાં મેઈન રોડ, ડુંગરા-વાપી

સંપર્ક : 7567773331

દલાલોએ તસ્દી લેવી

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301


સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ગણદેવી ખાતે ભાજપ મહિલા મોરચાની બેઠક યોજાઈ



**ગણદેવી, તા.૧૭ :** આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાનારા વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમોની પૂર્વતૈયારીના ભાગરૂપે ગણદેવી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ થઈ હતી. નવસારી જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ સુમિત્રાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં આગામી પક્ષીય ગતિવિધિઓ અને કાર્યક્રમોની રૂપરેખા અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગણદેવી નગરપાલિકાના પ્રમુખ અનિતાબેન ભંડારી સહિત મોટી સંખ્યામાં મહિલા મોરચાના હોદ્દેદારો અને મહિલા કાર્યકરો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતાં.

## દ. ગુજરાતમાં ખેરગામની કોલેજે-આદર્શ મહાવિદ્યાલયની સિદ્ધિ પ્રાપ્ત કરી

**ખેરગામ, તા.૧૭ :** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીની દરખાસ્ત અન્વયે રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને વૈશ્વિક સ્તરે આધુનિક અને ટેકનોલોજીથી સજ્જ કરવા માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)માં ઉત્તમ ગ્રેડ અને શ્રેષ્ઠ પ્રદર્શન ધરાવતી રાજ્યની કુલ ૨૫ સરકારી કોલેજોને આદર્શ મહાવિદ્યાલય તરીકે વિકસાવવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ પચ્ચીસની યાદીમાં પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ પાંચ ગુણાંકનમાં




ખેરગામની સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજની ગૌરવપૂર્ણ પસંદગી થતાં સમગ્ર જિલ્લા તથા ખેરગામ તા.માં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

આ અભૂતપૂર્વ સિદ્ધિ મહાઆચાર્ય ડૉ. સંજય કુમાર એમ. પટેલના કુશળ માર્ગદર્શન, સક્ષમ નેતૃત્વ અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજનને આભારી છે. તેમના જ સચોટ માર્ગદર્શન હેઠળ સંસ્થાએ નેક (NAAC)ના દ્વિતીય ચક્ર (Second Cycle)ના મૂલ્યાંકનમાં શાનદાર દેખાવ કરીને ૨.૭૨ CGPA મેળવી પ્રતિષ્ઠિત 'B+' ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. કોલેજની આ શૈક્ષણિક ગુણવત્તા, વહીવટી શિસ્ત અને સર્વાંગી પ્રગતિના પરિણામ સ્વરૂપ જ સરકાર દ્વારા પસંદગીયુક્ત પચ્ચીસ કોલેજમાં ખેરગામની વિશેષ પસંદગી કરવામાં આવી છે.

આદર્શ મહાવિદ્યાલય યોજના હેઠળ ખેરગામ કોલેજના આધુનિકીકરણ અને માળખાકીય વિકાસ માટે સરકાર દ્વારા કોલેજ દીઠ રૂા. ૨ કરોડનું વિશેષ અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. આ યોજનાના યોગ્ય અમલીકરણ માટે નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG)ને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ ગ્રાન્ટનો ઉપયોગ કોલેજને સંપૂર્ણપણે હાઈટેક બનાવવા માટે કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ માટે સ્માર્ટ ક્લાસરૂમ, અદ્યતન રિસર્ચ ફેસિલિટીઝ અને ડિપાર્ટમેન્ટલ લેબોરેટરીઝનું આધુનિક અપગ્રેડેશન કરવામાં આવશે, ઉપરાંત, જ્ઞાનકુંજ લાઈબ્રેરીને વધુ સમૃદ્ધ બનાવવા માટે ડિજિટલ લાઈબ્રેરી, એડવાન્સ કમ્પ્યુટર્સ, ઈ-પુસ્તકો, ઓડિયો બુક્સ તેમજ લાઈબ્રેરી ઓટોમેશન જેવી હાઈટેક સુવિધાઓ, મલ્ટી પર્પઝ હૉલ વિ. વિકસાવવામાં આવશે. વિદ્યાર્થીઓમાં સંશોધન, ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ કલ્ચરને પ્રોત્સાહન આપવા માટે વિશેષ ઈન્ક્યુબેશન સેન્ટર્સ પણ શરૂ કરાશે.

## નવસારી જિલ્લા કલેક્ટરે આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લીધી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૭ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ ગુરુવારે ગણેશ સિસાદ્રા ખાતે આવેલી -ાદેશિક વાહન વ્યવહાર અધિકારી ની કચેરીની મુલાકાત લઈ વિવિધ શાખાઓની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન આર.ટી.ઓ. અધિકારી એમ. એમ. પટેલે કલેક્ટરને કચેરીમાં ચાલતી વિવિધ સેવાઓની વિગતવાર માહિતી આપી હતી. કલેક્ટરે કચેરીના એ.આઈ. આધારિત ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટ લેબ, ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક, લર્નિંગ લાઈસન્સ પરીક્ષા ખંડ, વાહન નોંધણી શાખા તેમજ સિંગલ વિન્ડો સેવા કેન્દ્ર સહિતના તમામ મહત્વના વિભાગોની રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.

મુલાકાત દરમિયાન નવસારી કલેક્ટર મનીષ ગુરવાનીએ કચેરીમાં પોતાના કામ અર્થે આવેલા સામાન્ય નાગરિકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે અરજદારો પાસેથી કામગીરીના નિકાલ, સમય મર્યાદા અને કચેરીના અનુભવો અંગેનો પ્રતિસાદ મેળવ્યો હતો. નાગરિકો તરફથી મળેલા ફીડબેકને આધારે કલેક્ટરે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીને કચેરીની સેવાઓને વધુ સરળ, પારદર્શક, સમયબદ્ધ અને લોકાભિમુખ બનાવવા માટે જરૂરી અને મહત્વના સૂચનો આપ્યા હતા.

## વાંસદા તાલુકા કક્ષાની ૭૦મો અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ સ્પર્ધાનો પ્રારંભ


**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૧૭ :** સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ આયોજિત ૭૦ મો અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ અંતર્ગત વાંસદા તાલુકા કક્ષાની શાળાકીય રમતગમત સ્પર્ધાઓનો પ્રારંભ ભીનારની શ્રી સદગુરુ હાઈસ્કૂલના આયોજન હેઠળ કુરેલીયા મેદાન ખાતે થયો હતો. આ સ્પર્ધાઓ ૧૫ જુલાઈથી ૧૮ જુલાઈ, ૨૦૨૬ સુધી યોજાનાર છે, જેમાં ખોખો, કબડ્ડી, વોલીબોલ, એથ્લેટિક્સ સહિતની વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે ખોખોની સ્પર્ધાઓથી રમતોત્સવનો પ્રારંભ થયો હતો.



સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે કુરેલીયા ગામના સરપંચ, ભીનાર ગામના સરપંચ, વિવિધ શાળાઓના ટીમ મેનેજરો, કોચ, શિક્ષકો અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સદગુરુ હાઈસ્કૂલના આચાર્ય દિનેશભાઈ જે. પટેલે રમતવીરોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે રમતગમત જીવનમાં શિસ્ત, આત્મવિશ્વાસ, ટીમભાવના અને નેતૃત્વના ગુણો વિકસાવે છે. તેમણે તમામ ખેલાડીઓને ખેલદિલીથી રમવા અને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ નારિયેળ વધાવી રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આયોજક શ્રી સદગુરુ હાઈસ્કૂલ દ્વારા તમામ ટીમો માટે ઉત્તમ રમતગમતની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. તાલુકાની વિવિધ શાળાઓના ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની રમત પ્રતિભાનું પ્રદર્શન કરી રહ્યા છે.

## સુબિરનાં લવચાલીમાં નબળા આરસીસી રોડના નિર્માણ સામે ગ્રામજનોમાં આક્રોશ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૭ :** ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં આવેલી લવચાલી ગ્રામ પંચાયતમાં હાલમાં ચાલી રહેલી સી.સી.રોડની કામગીરી ભારે વિવાદમાં સપડાઈ છે. રોડ બનાવવાના કામમાં ગુણવત્તાના નિયમો નેવે મૂકીને તદ્દન હલકી ગુણવત્તાવાળી સામગ્રી વાપરવામાં આવી રહી હોવાના કારણે સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.ગ્રામજનોનો આક્ષેપ છે કે, ચોમાસાની ભીની મોસમ વચ્ચે પણ રોડનું કામ અત્યંત ઉતાવળે પૂરું કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ કામમાં સિમેન્ટ, કપચી કે અન્ય જરૂરી મટિરિયલ યોગ્ય માત્રામાં વાપરવામાં આવતુ ન હોવાથી રોડના આયુષ્ય અને મજબૂતાઈ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકોનું માનવું છે કે જો શરૂઆતથી જ આવી બેદરકારી રખાશે, તો ટૂંક સમયમાં જ આ નવો રોડ ધોવાઈ જશે અને બિસ્માર બની જશે. ગામનાં સરપંચે આ સીસી માર્ગને ધારા ધોરણ વગર માટી પર પાથરી નકરી વેઠ જ ઉતારી છે. સરકાર દ્વારા ગ્રામીણ વિકાસના કાર્યો માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે, પરંતુ અહીં વિકાસના બહાને સરકારી નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ભ્રષ્ટાચારના આ ગંભીર આક્ષેપો વચ્ચે લોકોમાં સરકારના વિકાસકાર્યો પ્રત્યેની વિશ્વસનીયતા પણ જોખમાઈ છે. આ સમગ્ર મામલે આક્રોશિત બનેલા ગ્રામજનોએ હવે આ વિવાદમાં ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની માંગ કરી છે. લોકોની માંગણી છે કે સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર આવીને જાતે નિરીક્ષણ કરે, ત્યાં વપરાતા મટિરિયલના નમૂના લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલે અને જો આમાં કોઈ ગેરરીતિ કે ભ્રષ્ટાચાર જણાય તો કોન્ટ્રાક્ટર તેમજ બેદરકાર અધિકારીઓ વિરુદ્ધ આકરાં પગલાં લેવામાં આવે. હવે જોવાનું એ રહે છે સુબિર તાલુકા પંચાયતનું પ્રશાસન આ આક્ષેપોને કેટલી ગંભીરતાથી લે છે અને આગળ શું પગલાં ભરે છે.

## ડાંગ જિલ્લામાં ચાંદીપુરા વાયરસ અંગે સાવચેતીના પગલાં લેવા અપીલ

**આહવા, તા.૧૭:** તાજેતરમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ચાંદીપુરા વાયરસના કેસો નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યભરમાં આગોતરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના અનુસંધાને ડાંગ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા પણ જરૂરી તકેદારી અને જનજાગૃતિની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી છે કે અત્યાર સુધી સમગ્ર ડાંગ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો એક પણ શંકાસ્પદ કે પોઝિટિવ કેસ નોંધાયેલ નથી. ડાંગ જિલ્લો હાલમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેથી જિલ્લાના નાગરિકોએ ગભરાવાની કે ભયભીત થવાની કોઈ જરૂર નથી. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા માત્ર આગોતરી સાવચેતીના ભાગરૂપે છે.

ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે ચોમાસાની ઋતુ દરમિયાન ભેજવાળા વાતાવરણમાં જોવા મળતી સેન્ડ ફ્લાય (Sandfly) ના કરડવાથી ફેલાય છે. આ વાયરસ ખાસ કરીને ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને અસર કરી શકે છે.

જિલ્લા આરોગ્ય વિભાગે વધુમાં જણાવ્યું છે કે ડાંગ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો તથા સિવિલ હોસ્પિટલમાં જરૂરી દવાઓ, સારવાર અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે. કોઈપણ શંકાસ્પદ લક્ષણો જણાય તો વિલંબ કર્યા વિના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.

આરોગ્ય વિભાગે જિલ્લાના નાગરિકોને સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓથી દૂર રહેવા, અપ્રમાણિત માહિતી પર વિશ્વાસ ન કરવા અને માત્ર આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવતી અધિકૃત માહિતી પર જ વિશ્વાસ રાખવાની અપીલ પણ કરી છે.

## આહવાના પિપલઘોડી ગામમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ અપાઈ



**આહવા, તા. ૧૭ :** ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ડાંગ જિલ્લાના તમામ ખેડુતોને પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ આપવામાં આવી રહી છે જેમાં આજરોજ આહવા તાલુકાના પિપલઘોડી ગામમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં કૃષિ સખીબહેને દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા જીવામૃત અને બીજામૃતના ઉપયોગ અંગે માહિતી આપી હતી. વધુમાં જીવામૃત જમીનમાં અળસિયા તથા ઉપયોગી સૂક્ષ્મજીવોની સંખ્યા વધારી જમીનની ગુણવત્તામાં વધારો કરે છે. વધુમાં પ્રાકૃતિક ખેતીનો સમન્વય અપનાવવાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે, પર્યાવરણનું સંરક્ષણ થાય છે તેમજ ખેડૂતોના ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થતા તેમની આવકમાં વધારો શક્ય બને છે. વરસાદને કારણે જમીનનું ધોવાણ અટકાવવા તથા ભેજનું સંરક્ષણ કરવા માટે પાકના અવશેષો દ્વારા આચ્છાદન (મલ્ચિંગ) કરવાની પદ્ધતિ વિશે પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પદ્ધતિ જમીનમાં ભેજ જાળવી રાખવાની સાથે નીંદણ નિયંત્રણમાં પણ અસરકારક સાબિત થાય છે. આ તાલીમનો મુખ્ય હેતુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરે અને લાંબા ગાળે જમીનની ફળદ્રુપતા જાળવી રાખે તે માટેનો હતો.

## સુબીર તાલુકામાં વધુ ૮ હનુમાનજી મંદિરોનું લોકાર્પણ કરાયું

**આહવા, તા. ૧૭ :** ડાંગ જિલ્લાના તમામે તમામ ૩૧૧ ગામમાં શ્રી હનુમાનજી મંદિરોનું નિર્માણ થનાર છે. જેમાં અત્યાર સુધીમાં ૨૦૦ ઉપરાંત મંદિરો તૈયાર કરવામાં આવ્યાં છે. જે પૈકી તારીખ ૧૩/૧૪ જૂલાઈના રોજ સુબીર તાલુકામાં વાડિયાવન, હનવંતઘોડી, ઝરી, આહિરપાડા, જામન્યા, માળગા, ખાજૂર્ણા, બીજુરપાડા આમ કુલ ૮ ગામોમાં દિવ્ય, ભક્તિભાવ પૂર્વક હનુમાનજીના મંદિરોનું લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ દરેક ગામોમાં દાતા પરિવારોનું ડાંગી પરંપરા અનુસાર સ્વાગત, આરતી, હનુમાન ચાલીસનો સમૂહપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિરોના લોકાર્પણ સમાપન સમારોહ બીજુરપાડા મુકામે સુંદર શમિયાણામાં યોજાયો હતો. જ્યાં ઈશ્વરભાઈ ધોળકીયા દ્વારા સ્વાગત પ્રવચન થી મહેમાનોને તથા જમીન દાતાઓ અને મંદિર સહયોગી દાતાઓ, ગ્રામજનોનું સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવ્યું, પૂજ્ય પી.પી સ્વામીજી દ્વારા મંદિરોના માધ્યમથી ગામોમી આવેલી જાગૃતિ ભક્તિભાવ, એકતાની વાતો કરી હતી. સંકલન કર્તા પ્રભુભાઈ ધોળકીયા દ્વારા મંદિરો નિર્માણની રૂપરેખા આપવામાં આવી હતી. સમારોહના પ્રમુખ સ્થાને સુરત સ્થિત જાણીતા ઉદ્યોગપતિ ચેતનભાઈ કોન્ટ્રાક્ટર હાજર હતા.

સંકલ્પકર્તા મંદિર નિર્માણના મુખ્ય દાતા ગોવિંદભાઈ ધોળકીય દ્વારા ગ્રામજનો સાથે સંવાદ કરી મંદિરોનો વિશેષ લાભ લેવા અનુરોધ કર્યો હતો, તથા આવા શુભ કાર્યોમાં પરમાત્માએ નિમિત બનાવ્યા છે, તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. અહિં જમીન દાતાઓ તથા મંદિરોના સહયોગી દાતાઓને સ્મૃતિરૂપે મંદિરની પ્રતિકૃતિ, શાલ, શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના સરપંચઓ, સદસ્યો, તાલુકા જિલ્લા સદસ્યોએ હાજર રહી લાભ લીધો હતો.

સતાધારથી ખાસ પધારેલા પૂજ્ય વિજયભાપુએ મંદિરોના દર્શન કરી તથા ગ્રામજનોનો ભક્તિભાવ, ઉત્સાહ જોઈને પ્રસન્નતા વ્યક્ત કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

આ તમામ ગામોમાં ગ્રામજનો દ્વારા દાતાઓ તથા મહેમાન ગામમાં શોભાયાત્રા, રાત્રીના ભજબ કીર્તન તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજુરપાડા ગામમાં ૨૫૦૦ ઉપરાંત ભક્તોની હાજરીમાં શણગારેલા શમિયાણામાં લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન થયો હતો. ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોમાં હનુમાનજી મંદિરોના નિર્માણની યાત્રા હવે કુલ ૧૧૧૧ નુતન મંદિરોના નિર્માણ માટે આરંભ થઈ ચૂક્યો છે. ગોવિંદભાઈ ધોળકીય દ્વારા વિવિધ ગામોમાં વિશેષ કરીને આદિવાસી વિસ્તારોના ગામોમાં હનુમાનજી મંદિરની યાત્રા ગ્રામજનો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૮-૦૭-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** અષાઢ, પાંચમ **સૂર્યોદય :** ૦૬ : ૦૮ **સૂર્યાસ્ત** ૦૭ :૨૩, **ચંદ્રોદય** - ૦૯:૫૬ **ચંદ્રાસ્ત** - ૧૦:૨૬ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - પૂર્વા ફાલ્ગુની

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારી નિર્ણય શક્તિ ખૂબ જ મજબૂત રહેશે. કાર્યક્ષેત્રમાં પ્રગતિની નવી તકો મળશે, પરંતુ અતિ ઉત્સાહમાં આવીને કોઈ મોટો નિર્ણય ન લેવો. વેપારમાં આર્થિક લાભ થશે. પારિવારિક જીવન સુખમય રહેશે.

**વૃષભ(બ.વ.ઉ) :** તમારા અટકેલા સરકારી કે કાનૂની કામો પૂરા થવાની સંભાવના છે. પરિવાર સાથે સમય વિતાવશો. વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ સારો છે. સ્વાસ્થ્ય બાબતે સાવચેતી રાખવી.

**મિથુન(ક.છ.ઘ) :** આ દિવસે કોઈ પણ બાબતે ઉતાવળમાં નિર્ણય ન લેવો. સવારના સમયે મળેલી માહિતી ખોટી હોઈ શકે છે. સાંજ પછીનો સમય સર્જનાત્મક કાર્યો, અભ્યાસ અને ટૂંકી મુસાફરી માટે અનુકૂળ રહેશે.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે માનસિક શાંતિ પર વિશેષ ધ્યાન આપવું. જૂના અટકેલા કામો પૂરા થશે અને પરિવાર સાથે સુખદ વાર્તાલાપ થશે.

**સિંહ(મ.ટ.) :** આ રાશિમાં ચંદ્ર હોવાથી આત્મવિશ્વાસ વધશે. બજેટનું આયોજન કરવા માટે દિવસ ઉત્તમ છે. બિનજરૂરી અને મોટા ખર્ચા કરવાનું ટાળવું.

**કન્યા(પ.ઠ.ણ.) :** તમારી રાશિમાં ચંદ્ર પ્રવેશવાથી સંગઠનાત્મક બાબતો સરળ બનશે અને કાર્યો સફળ થશે. માનસિક શાંતિ જાળવી રાખવા માટે પૂરતો આરામ કરવો જરૂરી છે.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ આરામ કરવા અને પરિવાર સાથે સમય વિતાવવા માટે સારો છે. જો કોઈ મોટો નિર્ણય લેવો હોય, તો ઉતાવળ ન કરવી.

**વૃશ્ચિક(ન.ય.) :** આયોજનબદ્ધ રીતે કામ કરવા માટે દિવસ સારો છે. જૂની વાતો કે વિવાદોમાં પડવાનું ટાળવું અને સ્વજનો સાથે મધુર સંબંધો જાળવી રાખવા.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** મુસાફરી અને મિત્રો સાથે સમય પસાર કરવા માટે સમય અનુકૂળ છે. આર્થિક નિર્ણયો ખૂબ જ સમજી-વિચારીને લેવા.

**મકર(જ.ખ) :** વ્યવહારુ અભિગમ અપનાવવાથી કૌટુંબિક બાબતો અને પારિવારિક બજેટ સરળતાથી સંભાળી શકાશે. સાંજનો સમય આરામ માટે ફાળવવો.

**કુંભ(ગ.શ.સ.) :** અણધારી પરંતુ સકારાત્મક ઘટનાઓ બની શકે છે. નવી તકો માટે તૈયાર રહેવું અને પરિવારજનો પર વિશ્વાસ વધારવો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** સર્જનાત્મક કાર્યો અને ભવિષ્યના આયોજન માટે દિવસ સારો છે. તમારી અંતર્જ્ઞાન તમને સાચો રસ્તો બતાવશે. કોઈપણ માહિતી મળે તો તેની ખરાઈ ચોક્કસ કરવી.

## દમણ રેડિયો

**102.3 FM**

**શનિવાર/રવિવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૯ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# વલસાડ જિલ્લા કલેક્ટરે ઉમરગામ તાલુકાની મુલાકાત લીધી



## પર્યટન વિકાસ, સૌંદર્યકરણ અને સર્વિસ રોડની સમસ્યાઓ અંગે સ્થળ નિરીક્ષણ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને આજે ઉમરગામ તાલુકાની મુલાકાત લઈને નારગોલ અને ઉમરગામ દરિયા કિનારાના પર્યટન વિકાસ, ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં બ્યુટીફિકેશન, સોળસુંબા રેલ્વે ઓવરબ્રિજના બંને તરફના સર્વિસ રોડ તેમજ બ્રિજ નીચે વરસાદી પાણી ભરાવાની સમસ્યાનું સ્થળ પર નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

કલેક્ટર નીતિન સાંગવાને સૌપ્રથમ નારગોલ દરિયા કિનારાની મુલાકાત લઈને તેને આકર્ષક પર્યટન સ્થળ તરીકે વિકસિત કરવા અંગે જરૂરી સૂચનો કર્યા હતા. આ પ્રસંગે નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટીબેન તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ તેઓ ઉમરગામ દરિયા કિનારે પહોંચ્યા, જ્યાં ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ ખુશ્બુબેન જાદવ, ચીફ ઓફિસર અતુલ ચંદ્ર સિન્હા, પારડી પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, ઈન્ચાર્જ મામલતદાર સહિતના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. દરિયા કિનારે સ્વચ્છતા જળવાઈ રહે, સૌંદર્યકરણને પ્રોત્સાહન મળે અને પ્રવાસીઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે કલેક્ટરે માર્ગદર્શન આપ્યું હતું.

મુલાકાત દરમિયાન તેમણે ઉમરગામ પોલીસ મથકની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ મામલતદાર કચેરી ખાતે ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના સેક્રેટરી શ્યામ વિઝન, ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, ટ્રેઝરર રત્નેશ્વર ચોરસિયા તેમજ વિવિધ ઉદ્યોગકારો હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન કલેક્ટરે ઉદ્યોગકારોને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત ઉમરગામ શહેરના બ્યુટીફિકેશન અને સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત ઉદ્યોગોને લગતા અન્ય મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારબાદ કલેક્ટરે સોળસુંબા રેલ્વે ઓવરબ્રિજના બંને તરફના સર્વિસ રોડ તેમજ બ્રિજ નીચે વરસાદી પાણી ભરાવાની સમસ્યાનું સ્થળ પર નિરીક્ષણ કર્યું અને સંબંધિત વિભાગોને ઝડપી અને કાયમી ઉકેલ માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને સમગ્ર વલસાડ જિલ્લાને ક્લીન એન્ડ ગ્રીન બનાવવાના સંકલ્પને પુનરાવર્તિત કરતાં જિલ્લાના નાગરિકોને સ્વચ્છતા જાળવવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને જાગૃત નાગરિક તરીકે વિકાસ તથા પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

ઉમરગામ તાલુકાની આ મુલાકાત દરમિયાન પર્યટન વિકાસ, સ્વચ્છતા, શહેરના સૌંદર્યકરણ અને માળખાકીય સુવિધાઓના વિકાસને -નાથમિકતા આપીને વિવિધ સ્થળોએ સ્થળ નિરીક્ષણ તથા અધિકારીઓ સાથે સમીક્ષા કરવામાં આવી હતી.

### સંસ્કૃતિ મંત્રાલય હેઠળની સંગીત નાટક અકાદમી દ્વારા રાષ્ટ્રીય રંગમંચ મહોત્સવ-૨૦૨૬

# દમણ અને સેલવાસમાં દેશભક્તિ આધારિત નાટ્ય કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ-સેલવાસ, તા. ૧૭ :** સંસ્કૃતિ મંત્રાલય હેઠળની સંગીત નાટક અકાદમી દ્વારા આયોજિત રાષ્ટ્રીય રંગમંચ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત મહાકવિ કાલિદાસની જન્મજયંતિના અવસરે દેશના ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના લગભગ ૧૫૦ સ્થળોએ સાંજે ૬ વાગ્યે એકસાથે દેશભક્તિ આધારિત નાટકોનું મંચન કરવામાં આવ્યું હતું.

એ રીતે સેલવાસમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ, દોકમાર્ડી,ના ઓડિટોરિયમમાં દેશભક્તિ આધારિત નાટ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં દાદરા અને નગર હવેલીના રેસિડેન્ટ ડેપ્યુટી કલેક્ટર (આરડીસી) અમિત કુમાર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક કલાકારો, વિવિધ શાળાઓ અને કોલેજોના શિક્ષકો, વિદ્યાર્થીઓ, કલા રસિકો તથા મીડિયા પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

એ જ રીતે ગવર્મેન્ટ કોલેજ દમણ અને સંગીત નાટક અકાદમીના રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ ૨૦૨૬ દ્વારા પણ દમણમાં વંદે માતરમની ઉજવણી, સ્વાતંત્ર્ય સંગ્રામના એક એવા ક્રાંતિકારીની ગાથાથી કરવામાં આવ્યું હતું.

જેમાં સુશીલ કુમાર સેનના જીવન પર આધારિત નાટક શૌર્ય નાદનું મંચન રિંદ. કોલેજ દમણ માં યોજાયું હતું. દમણમાં મહોત્સવ સરકારી કોલેજમાં યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે સરકારી પોલીટેકનિક કોલેજના પ્રાચાર્ય પ્રો. બાલા ગણેશન અને સરકારી કૉલેજ દમણના પ્રાચાર્ય ડૉ. સંજય કુમાર, ઉપ આચાર્ય પ્રો. એસ. બાલા સુબ્રમણિયન ઉપસ્થિત રહ્યા હતા ઉપરાંત ઉત્સાહી દર્શકો, અગ્રણી વહીવટી અધિકારીઓ અને શૈક્ષણિક ક્ષેત્રના મહાનુભાવોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સંયોજન સરકારી કૉલેજ દમણના અધ્યાપક ડૉ. ભાવેશ વાળાએ કર્યું હતું તેમ જ સંચાલન ડૉ. પુખરાજ જાંગિડ એ કર્યું હતું. નાટક પૂર્ણ થયા પછી, વિદ્યાર્થી-કલાકારોનો પરિચય કરાવવામાં આવ્યો અને મહાનુભાવો દ્વારા તેમનું ઔપચારિક સન્માન કરવામાં આવ્યું હતું.

# દમણની શ્રીનાથજી સ્કુલમાં વિદ્યાર્થી પરિષદ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૭ :** દમણમાં આવેલ શ્રીનાથજી સ્કૂલમાં આજરોજ વિદ્યાર્થી પરિષદની શપથવિધિ નો કાર્યક્રમ યોજાયો, જેમાં શાળાના હેડ બોય, વાઈસ હેડ બોય, હેડ ગર્લ, વાઈસ હેડ ગર્લ, સ્પોર્ટ્સ કેપ્ટન, વાઈસ સ્પોર્ટ્સ કેપ્ટન અને દરેક હાઉસના કેપ્ટનની નિમણૂક કરવામાં આવી,આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંચાલક મંડળ તરફથી શાળાના આચાર્યને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



માર્ચ મહિનામાં સુકાઈ ગયેલું જનસેવા તળાવ છલકાયું. વાપી જનસેવા તળાવ આ વર્ષે માર્ચ મહિનામાં સુકુભઠ્ઠ થઈ ગયું હતું, એક ટીપું પણ પાણી બચ્યું ન હતું જોકે જુલાઈ મહિનામાં ચોમાસું શરૂ થતાં અને પ્રથમ તબક્કે ૩૨ ઈંચ વરસાદ પડતાં આ તળાવને જીવનદાન મળ્યું હોય તેમ વરસાદી પાણીથી છલકાઈ ગયું છે જેને લઈ જનસેવા ગાર્ડનની રોનક વધી છે.

# થ્રીડીના દિવ્યાંગ ખેલાડીઓ પુનાની તાઈક્વોન્ડો ચેમ્પિયનશિપમાં ઝળક્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૭ :** દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના દિવ્યાંગ ખેલાડીઓએ મહારાષ્ટ્રના પુણેમાં આયોજિત ૫મી ઈન્ડિયા તાઈક્વોન્ડો ઓપન પેરા નેશનલ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કર્યું, ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતીને કેન્દ્રશાસિત પ્રદેશનું નામ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધાર્યું.



૯-૧૨ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ખુટલી, ખાનવેલ, સિલ્વાસાના સહયોગથી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પહેલ હેઠળ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ એસોસિએશનના ડિસેબલ્ડ સ્પોર્ટ્સ એન્ડ વેલફેર દ્વારા આયોજિત આ રાષ્ટ્રીય સ્પર્ધામાં ચાર દિવ્યાંગ ખેલાડીઓ અને બે કોચે ભાગ લીધો હતો.પૂજા રાણેએ ગોલ્ડ મેડલ, સીતારામ પટેલે સિલ્વર મેડલ, શ્રીમંત બાલે ગોલ્ડ મેડલ અને અજાઝ શેખે ગોલ્ડ મેડલ જીતીને ઐતિહાસિક સફળતા મેળવી. ખેલાડીઓના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનથી સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. વિજેતા ખેલાડીઓને હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ખુટલી, ખાનવેલ, સેલવાસના મનીષ શર્મા (યુનિટ એચઆર હેડ) અને રિંકલ પરમાર (સીએસઆર) દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા. બઆ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપનું આયોજન ઈન્ડિયા તાઈક્વોન્ડો દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# વાપીની ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સીમાં ફાયર વિભાગની મોકડ્રિલ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપીની ફોર્ચ્યુ પાર્ક ગેલેક્સી હોટેલ ખાતે આજે જીઆઈડીસી ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આગ જેવી કટોકટીની પરિસ્થિતિમાં કેવી રીતે ત્વરિત અને સુરક્ષિત રીતે બચાવ કાર્ય કરવું તે અંગે કર્મચારીઓને પ્રત્યક્ષ તાલીમ આપવાના હેતુથી આ મોકડ્રિલ યોજવામાં આવી હતી.

મોકડ્રિલ દરમિયાન હોટેલના આશરે ૧૦૦ કર્મચારીઓને આગ લાગવાના બનાવોમાં પ્રાથમિક બચાવ, ફાયર એક્સ્ટિંગ્વિશરનો ઉપયોગ, સુરક્ષિત રીતે બહાર નીકળવાના રસ્તા અને તકેદારીના પગલાં અંગે વિગતવાર ડેમો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ બેઠક યોજીને ફાયર સેફટીના નિયમો, ઘરમાં આગના બનાવો ન બને તે માટેની સાવચેતીઓ અને કટોકટી સમયે શું કરવું-શું ન કરવું તે અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જીઆઈડીસી ફાયર વિભાગના રાઠોડ, ચીફ ફાયર ઓફિસર અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા. હોટેલ તરફથી મેનેજર ચિત્રા દ્વિવેદી, એચઆર સ્પર્શ સહિત હોટેલના સંચાલકગણ હાજર રહ્યા હતા અને સમગ્ર કામગીરીમાં સહયોગ આપ્યો હતો.

# રાબડાની સાર્વ. મા. શાળામાં વિદ્યાર્થીઓને ભોજન અપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ તાલુકાના રાબડા ગામની સાર્વજનિક માધ્યમિક શાળા ખાતે સ્વર્ગસ્થ લલિતાબેનની બીજી પુણ્યતિથિ નિમિત્તે તેમના પતિશ્રી મોહનભાઈ બલવાડા નિવાસી (હાલ વલસાડ) ના સૌજન્યથી કપરાડા અને ધરમપુર વિસ્તારની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક વિદ્યાર્થીઓ માટે બપોરના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સ્વર્ગસ્થ લલિતાબેનના પતિ મોહનભાઈ, પુત્ર કેયુરભાઈ, પુત્રી કિંજલબેન, પુત્રવધૂ બીજલબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સ્વર્ગસ્થ લલિતાબેનના તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરીને તથા બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

# વલસાડમાં 'શ્રી કચ્છી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ' દ્વારા સ્નેહમિન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** શ્રી કચ્છી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ-વલસાડ દ્વારા કચ્છી નવું વર્ષ 'અષાઢી બીજ' નિમિત્તે આગામી તા. ૧૯-૦૭-૨૦૨૬, રવિવારના રોજ એક ભવ્ય સ્નેહમિલન સમારોહ-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે.

ભગવાન શ્રી ઓધવરામ તથા કુળદેવી શ્રી હિંગલાજ માતાજીની અસીમ કૃપા અને સદ્ગુરુ શ્રી હરિદાસજી મહારાજ તેમજ ગુરુવર્ય શ્રી વાલરામજી મહારાજના આશીર્વાદથી આ ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાશે. 'શિક્ષણ અને સંગઠન એ સફળતાનો પાયો છે' એવા ઉમદા વિચાર સાથે યોજાનારા આ કાર્યક્રમમાં વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ સુંદર આયોજન

ધરમપુર ચોકડી, એન.એચ. નં.-૪૮ પાસે આવેલા 'શ્રી ઓધવ ભવન' માં યોજાનાર આ મહોત્સવની ની રૂપરેખા બપોરે ૨:૩૦ કલાકે દીપ પ્રાગટ્ય, સ્તુતિ તથા પ્રારંભિક પ્રવચન, બપોરે ૩ થી ૭ કલાકે રક્તદાન શિબિર (સામાજિક સેવાનો ઉમદા પ્રયાસ) બપોરે ૩ કલાકે ભાનુશાલી સમાજના બાળકો અને યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૬ કલાકે તેજસ્વી તારલાઓ માટે 'સરસ્વતી સન્માન' સમારોહ, રાત્રે ૮ કલાકે મહાપ્રસાદ ટ્રસ્ટના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા સમગ્ર કચ્છી ભાનુશાલી સમાજના ભાઈ-બહેનોને આ સ્નેહમિલન સમારોહમાં પરિવાર સહ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમગ્ર સમાજમાં અત્યારથી જ કચ્છી નવા વર્ષ 'અષાઢી બીજ'ને વધાવવા માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ભીલાડ ઈન્ડિયાપાડા પ્રા.શાળામાં રેનકોટ વિતરણ સાથે વૃક્ષારોપણ કરાયું





**વાપી, તા. ૧૭ :** માનવ અધિકાર સંગઠન તથા સરીગામ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ભીલાડના ઈન્ડિયાપાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રેનકોટ વિતરણ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને રેનકોટનું વિતરણ કરવામાં આવ્યું, જ્યારે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવા મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે APMCના ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભીલાડ ગ્રામ પંચાયતના સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવ, તાલુકા પંચાયત સભ્ય નીતાબેન નિતેશભાઈ પાટકર, વિનોદભાઈ (કેન્દ્ર કમિટી), આશિષભાઈ, ભીલાડ ગામના આગેવાન કપિલભાઈ જાદવ, ગુજરાત પ્રદેશ પ્રમુખ ઓમપ્રકાશજી, જિલ્લા પ્રમુખ ધર્મેશભાઈ સિંહ ચૌહાણ, વિશ્વ હિન્દુ પરિષદના પિયુષભાઈ શાહ, ભાજપ જિલ્લા યુવા મોરચાના હેમંત વારલી, શાળાના આચાર્ય, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સેવાકીય કાર્યક્રમનું આયોજન નિતેશભાઈ પાટકર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીની લાગણી જોવા મળી હતી.

# ઉમરગામની બીલેટ્સ ઈલેક્ટ્રોનિક પ્રા. લિ.માં સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમગામ, તા. ૧૭ :** ઉમરગામ સ્થિત બીલેટ્સ ઈલેક્ટ્રોનિક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કંપનીના ડિરેક્ટર ચિરાગ સરના જન્મદિવસ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસની ઉજવણીને સમાજસેવા સાથે જોડવાના હેતુથી યોજાયેલી આ શિબિરમાં કંપનીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવતાનો ઉત્તમ સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે કંપનીના પ્લાન્ટ મેનેજર દીપક બહેરાએ જણાવ્યું હતું કે જન્મદિવસ માત્ર વ્યક્તિગત ઉજવણી પૂરતો સીમિત ન રહે, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો અવસર પણ બનવો જોઈએ. આ ભાવનાને ધ્યાનમાં રાખીને દર વર્ષે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેથી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને રક્તદાન અંગે લોકોમાં જાગૃતિ ફેલાય.



શિબિરને સફળ બનાવવા બદલ તમામ કર્મચારીઓ, સ્વૈચ્છિક રક્તદાતાઓ તથા રક્તદાન ટીમનો આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં પણ આવા સેવા કાર્યોને વધુ વ્યાપક બનાવી વધુમાં વધુ લોકોને રક્તદાન માટે પ્રેરિત કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આયોજકો દ્વારા તેમની ઉપસ્થિતિ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.અંતમાં, ડિરેક્ટર ચિરાગ સરને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ તમામ રક્તદાતાઓ ના માનવતાભર્યા યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું.

# વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે રશ્મિકાબેન મહેતાની નિયુકિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે વાપીના જાણીતા મહિલા એડવોકેટ અને નોટરી રશ્મિકાબેન એન. મહેતાની નિમણૂક કરવામાં આવી છે.

વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા સંગઠન પ્રભારી વિનયભાઈ શુક્લા તેમજ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ પ્રવિણાબેન પટેલ સાથેની ચર્ચા-વિચારણા બાદ જિલ્લા અને તાલુકા કક્ષાના મહિલા મોરચાના હોદ્દેદારોની નવી નિમણૂકો જાહેર કરવામાં આવી હતી. જેમાં રશ્મિકાબેન મહેતાને જિલ્લા મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.



રશ્મિકાબેન મહેતા વાપી પંથકમાં એડવોકેટ અને નોટરી તરીકે પોતાની આગવી ઓળખ ધરાવે છે. ઉપરાંત તેઓ સામાજિક ક્ષેત્રે પણ સક્રિય કામગીરી માટે જાણીતા છે. તેમની નિમણૂકથી ભાજપ મહિલા મોરચાના કાર્યકર્તાઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

નિમણૂક જાહેર થતાં વાપી સહિત સમગ્ર જિલ્લામાં ભાજપના આગેવાનો, મહિલા કાર્યકર્તાઓ અને શુભેચ્છકોએ રશ્મિકાબેન મહેતાને અભિનંદન પાઠવી નવી જવાબદારી સફળતાપૂર્વક નિભાવવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

# વાપીની ઝુનઝુનવાલા સ્કુલમાં સુરક્ષા અંગે સેમિનાર યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** 'સુરક્ષિત બાળપણ, ઉજ્જવળ ભવિષ્ય' ના સૂત્ર સાથે આર.એસ. ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ, વાપીમાં ડુંગરા પોલીસ સ્ટેશનના PSI શ્રીમતી કે.આર. ચોટલિયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી સુરક્ષા અંગે જાગૃતિ સેમિનાર યોજાયો. સેમિનારમાં વિદ્યાર્થીઓને **ગુડ ટચ અને બેડ ટચ,** માર્ગ સુરક્ષા, વ્યક્તિગત સુરક્ષા, સાયબર ક્રાઈમ તેમજ મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય કેવી રીતે લેવો તે અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ASI અશોકભાઈ, પોલીસ કોન્સ્ટેબલ સોનલબેન, જુહીબેન અને રાધિકાબેન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી તિશા રાઠોડ, હર્ષ રાઠોડ તથા આચાર્યા સુચિતા ચારીએ પણ હાજરી આપી વિદ્યાર્થીઓને સુરક્ષા પ્રત્યે સજાગ રહેવા પ્રેરિત કર્યા હતા.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# કાશ્મીરના પૂજનીય અષ્ટ ભૈરવોમાં તુષાકરાજ ભૈરવનું વિશિષ્ટ સ્થાન

**તુષાકરાજ ભૈરવ**

કાશ્મીરના પૂજનીય અષ્ટ ભૈરવોમાં તુષાકરાજ ભૈરવનું વિશિષ્ટ સ્થાન છે. આ પવિત્ર ભૈરવનું સ્થાન શ્રીનગરના કરણનગર વિસ્તારમાં આવેલા નરસિંહગઢ સાથે જોડાયેલું છે.

આ ભૈરવનું પવિત્ર નિવાસસ્થાન એક પ્રાચીન શેતૂર (મલબેરી)ના વૃક્ષની નીચે આવેલું છે. વૃક્ષની બંને બાજુએ બે શિવલિંગ સ્થાપિત છે, જેના કારણે આ સ્થળ ભૈરવ તંત્રની પરંપરા સાથે પણ સંકળાયેલું માનવામાં આવે છે. હાલમાં આ પવિત્ર સ્થાન મોડર્ન પબ્લિક સ્કૂલના પરિસરમાં આવેલું છે અને તેની સંભાળ શાળાના સંચાલકો દ્વારા શ્રદ્ધાપૂર્વક રાખવામાં આવે છે.

મને આ પવિત્ર સ્થાનના એક સેવક શ્રી દાનિલ શ્રીષ્ટ સાથે મળવાની તક પણ મળી. તેઓ મૂળ પોખરા, નેપાળના રહેવાસી છે અને અત્યંત ભક્તિભાવથી આ પવિત્ર સ્થાનની સેવા કરી રહ્યા છે.

તુષાકરાજ ભૈરવનું સ્થાનિક સમાજના ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં હંમેશાં મહત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. અગાઉના સમયમાં આસપાસના વિસ્તારોના લોકો દરરોજ સવારે અહીં દર્શન અને પૂજા કરવા આવતા હતા. આ પવિત્ર સ્થાન ભગવાન ગોપીનાથજીની સાધનાભૂમિ તરીકે પણ જાણીતું છે, જ્યાં તેમણે ઘોર સાધના કરી હતી.

પોતાના વ્યસ્ત સમયપત્રક છતાં તેઓ વ્યક્તિગત રીતે મારી સાથે આ પવિત્ર સ્થાન સુધી આવ્યા અને તેની ઐતિહાસિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક મહત્તા વિશે અમૂલ્ય માહિતી આપી.

તેમ છતાં, મને એવું અનુભવું થાય છે કે આ પવિત્ર સ્થળની ફરી એકવાર મુલાકાત લેવી જોઈએ. ફોટોગ્રાફસ અને વિડિઓ બનાવતી વખતે મારું મન અનેક વિચારોમાં વ્યસ્ત હતું, તેથી હું અહીંના શાંતિમય અને









આધ્યાત્મિક વાતાવરણને સંપૂર્ણપણે અનુભવી શક્યો નહોતો. કદાચ ભૈરવ સ્વયં મને ફરીથી શાંત અને એકાગ્ર મન સાથે અહીં આવવા માટે આમંત્રણ આપી રહ્યા છે.

**વિનમ્ર અપીલ**

હું આદરણીય વડીલો તથા જાણકાર સભ્યોને નમ્ર વિનંતી કરું છું કે તુષાકરાજ ભૈરવ સાથે સંકળાયેલો ઈતિહાસ, પરંપરાઓ, લોકકથાઓ અને પોતાની સ્મૃતિઓ અમારી સાથે જરૂરથી વહેંચે. આપનું અમૂલ્ય જ્ઞાન આ પવિત્ર સ્થાનની સમૃદ્ધ ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું દસ્તાવેજીકરણ કરવા તેમજ તેને ભાવી પેઢીઓ સુધી સાચવી રાખવામાં અત્યંત ઉપયોગી બનશે.

મુથ રાજ ભૈરવ, બટાપોરા (લધૂ)

આપણી પવિત્ર ભૂમિના રક્ષકોને ફરીથી ઓળખીએ.

મને જાણીને અત્યંત આનંદ થયો કે પુલવામા જિલ્લાના લધૂ વિસ્તારને ત્રણ દિવ્ય ભૈરવોનું રક્ષણ પ્રાપ્ત છે. મુથ રાજ ભૈરવ, કવિ રાજ ભૈરવ અને ચેરિશ રાજ ભૈરવ. એવી પણ લોકમાન્યતા છે કે જીવનાથ રાજ ભૈરવનું નિવાસસ્થાન સાંઝ હર નાગ (સન્યાસર નાગ) ખાતે આવેલું છે.

**મુથ રાજ ભૈરવ**

જમ્મુ-કાશ્મીરના પંપોર નજીક આવેલા બટાપોરા ગામના પવિત્ર બટ યારબલ વિસ્તારમાં લધૂનું -ાચીન રામ મંદિર આવેલું છે. વિશાળ અને પ્રાચીન ચિનાર વૃક્ષોની છાયામાં આવેલું આ સ્થળ પેઢીઓથી ભક્તિ, આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે.

૧૯૯૦ના દાયકાની અશાંતિ પહેલાં મંદિર પરિસરમાં બે અલગ-અલગ મંદિરો હતાં. તેમાંથી એક મંદિર ભૈરવને સમર્પિત હતું, જેને સ્થાનિક લોકો મુથ રાજ ભૈરવ તરીકે પૂજતા અને આદર આપતા હતા. આ મંદિર મુથ રાજ મંદિર તરીકે પ્રસિદ્ધ હતું અને સમગ્ર વિસ્તારના રક્ષક દેવતા તરીકે ભૈરવની અહીં આરાધના કરવામાં આવતી હતી.

૧૯૯૦ના દાયકાની આગ

૧૯૯૦ના દાયકાની અશાંતિ દરમિયાન મુથ રાજ ભૈરવનું પ્રાચીન મંદિર આગમાં ભસ્મીભૂત થઈ ગયું. મંદિરનું ભૌતિક સ્વરૂપ નષ્ટ થયું, પરંતુ તેની સાથે જોડાયેલી ભક્તિ અને શ્રદ્ધા આજે પણ અવિચળ છે. -ાચીન ચિનાર વૃક્ષો સમયના સાક્ષી બનીને અડીખમ ઊભાં રહ્યાં અને ભૈરવની પવિત્ર ઉપસ્થિતિ ભક્તોના હૃદયમાં જીવંત રહી.

વર્તમાન સ્થિતિ

આજે ભૈરવની પ્રાચીન મૂર્તિઓ ખુલ્લા આકાશ નીચે ચિનાર વૃક્ષોની છાયામાં સ્થાપિત છે. તે લધૂના રામ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરફ મુખ કરીને ઊભી છે, જ્યાં હાલમાં એક શિવલિંગ સ્થાપિત કરવામાં આવ્યું છે. મૂળ મંદિર હવે અસ્તિત્વમાં નથી, છતાં મુથ રાજ ભૈરવની દિવ્ય ઉપસ્થિતિ અને આધ્યાત્મિક શક્તિ આજે પણ આ પવિત્ર સ્થળે અનુભવાય છે.

તમારા ભૈરવોને ઓળખો. પંડિતોના વિસ્થાપન પછી પંડિતો જગતમાં ઠેર ઠેર વિખેરાય ગયાં છે. દરેક જગ્યાએ કાશ્મીર જેવી આબોહવા અને તીર્થ સ્થાન જેવી પવિત્રતા લાવવું શક્ય નથી. છતાં પંડિતોએ પોતાની અસ્મિતા જાળવવા ભરપૂર પ્રયાસો પણ કરી રહ્યાં છે.

વતનથી લાંબા સમયના વિયોગ અને સ્થળાંતરને કારણે આપણે આપણા ઘણા ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાથી દૂર થઈ ગયા છીએ. તેમાં સ્થાનિક ભૈરવોની આરાધનાની પરંપરા પણ સામેલ છે. આ રક્ષક દેવતાઓને પરંપરાગત રીતે ગામો અને સમાજના સંરક્ષક તરીકે માનવામાં આવે છે. તેમના ઈતિહાસ, મંદિરો અને પરંપરાઓ સાથે ફરીથી જોડાવું એ આપણા મૂળને ઓળખવાનો અને આપણા સમૃદ્ધ વારસાને ભાવિ પેઢીઓ માટે જાળવી રાખવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. પંડિતોને નમ્ર વિનંતી



## ચશ્મે બદૂર કશ્મીર

**ડૉ. રાધિકા ટીક્કુ, વલસાડ**

છે કે તેઓ મુથ રાજ ભૈરવ સાથે જોડાયેલી પોતાની યાદો, લોકકથાઓ, ઐતિહાસિક માહિતી તથા જરૂરી સુધારાઓ અમારી સાથે વહેંચે, જેથી આ દસ્તાવેજીકરણ વધુ સચોટ, વિશ્વસનીય અને વ્યાપક બની શકે અને આ અમૂલ્ય સાંસ્કૃતિક વારસો આવનારી પેઢીઓ સુધી સુરક્ષિત રહી શકે.

કવિ રાજ ભૈરવ

કાશ્મીર - ભૈરવોની પવિત્ર ભૂમિ છે.અહીં મુખ્ય શિવ સાથે શૈવિઝમ ધર્મ છે .જેથી શિવ સાથે સંયુક્ત રીતે ભૈરવનું અપ્રિતમ સ્થાન છે.દરેક પંડિતોનું પોતાનું કૂળ, કુળદેવતા, કુળદેવી અને ચોક્કસ ભૈરવ હોય છે .

કાશ્મીરનો દરેક ખૂણો ભૈરવના દિવ્ય રક્ષણ હેઠળ હોવાનું માનવામાં આવે છે. પુલવામા જિલ્લાના લધૂ વિસ્તારમાં આવેલા શિવ મંદિરથી થોડે આગળ, એક નાનો ઝરણો (નાળો) પાર કરતાં કવિ રાજ ભૈરવનું પવિત્ર સ્થાન આવેલું છે.

વિશાળ અને પ્રાચીન ચિનાર વૃક્ષની છાયામાં ભૈરવ સાથે સંકળાયેલી ત્રણ પ્રાચીન પાષાણ મૂર્તિઓ સ્થાપિત છે. તેમની સામે જમીનમાં એક નાનું ખાડા જેવું સ્થાન જોવા મળે છે, જે સંકેત આપે છે કે અહીં અગાઉ કોઈ પવિત્ર નાગ (ઝરણું/પ્રાકૃતિક જળસ્રોત) અસ્તિત્વમાં રહ્યું હશે.

લધૂ વિસ્તારના કવિ રાજ ભૈરવ તેમજ અન્ય ભૈરવોના ઈતિહાસ, પરંપરાઓ અને ધાર્મિક મહત્તા અંગે હજુ ઘણું દસ્તાવેજીકરણ થવાનું બાકી છે. તેથી જે લોકો પાસે આ પવિત્ર સ્થળો વિશે ઐતિહાસિક માહિતી, લોકકથાઓ, સ્મૃતિઓ અથવા અન્ય વિશ્વસનીય જાણકારી હોય, તેમને નમ્ર વિનંતી છે કે કૃપા કરીને તે સૌ સાથે વહેંચે.

આપની દરેક માહિતી કાશ્મીરની અનન્ય ભૈરવ પરંપરાના સંરક્ષણ, તેના યોગ્ય દસ્તાવેજીકરણ અને ભાવિ પેઢીઓ સુધી આ અમૂલ્ય સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક વારસાને સુરક્ષિત રીતે પહોંચાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

ચેરિશ રાજ ભૈરવ - અમૃત સરોવર ઝરણું, લધૂ

શ્રદ્ધા ઝરણાની જેમ વહે છે, જે ધરતી અને માનવજીવન બંનેનું પોષણ કરે છે.


લાડુ વિસ્તારના મુખ્ય અને પૂજનીય ભૈરવોમાંના એક ચેરિશ રાજ ભૈરવ છે. તેમના પવિત્ર નિવાસસ્થાન સાથે સંકળાયેલું પ્રાકૃતિક અમૃત સરોવર ઝરણું મુખ્ય માર્ગની બાજુમાં આવેલું છે. આ ઝરણું વર્ષોથી સમગ્ર વિસ્તારની ખેતી માટે પાણીનો મહત્વપૂર્ણ સ્રોત રહ્યું છે. આ પવિત્ર સ્થળ અને તેનું ઝરણું પેઢીઓથી હિન્દુ તથા મુસ્લિમ બંને સમુદાયો દ્વારા સમાન આદર અને શ્રદ્ધાથી પૂજવામાં આવે છે. આ પરંપરા લધૂની સહિયારી આધ્યાત્મિક સંસ્કૃતિ, પરસ્પર સૌહાર્દ અને કાશ્મીરની ગંગા-જમુની સાંસ્કૃતિક વિરાસતનું સુંદર પ્રતીક છે. શ્રીનગર ખાતે પણ ભૈરવનાથનું મોટું મંદિર છે જેનું નામ આનંદભૈરવ છે. જે વિતસ્તા નદીના કાંઠે આવેલું છે. દેશ વિદેશથી પંડિતો આ મંદિરે આવીને અહીં વિધિવત ભૈરવને ભોગ લગાવીને પૂજા આરાધના , નૈવેધ થકી ભક્તિ, જાગરણ કરે છે.

જો તેમની પાસે ચેરિશ રાજ ભૈરવ, અમૃત સરોવર ઝરણું અથવા લધૂ વિસ્તારની અન્ય ધાર્મિક અને ઐતિહાસિક પરંપરાઓ અંગે કોઈ સ્મૃતિઓ, લોકકથાઓ, ઐતિહાસિક માહિતી અથવા જરૂરી સુધારાઓનું સંશોધન હાલ તીવ્ર ગતિમાં થઈ રહ્યું છે.

પંડિતોનું યોગદાન આ પવિત્ર સ્થળના ઈતિહાસને વધુ સચોટ, વ્યાપક અને અર્થસભર રીતે દસ્તાવેજીકૃત કરવામાં મદદરૂપ બનશે અને કાશ્મીરના આ અમૂલ્ય ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને ભાવિ પેઢીઓ માટે સુરક્ષિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# હમ છોડ ચલે હે મહેફિલકો...!

મહેફિલ એટલે મહેફિલ યાર..! મહેફિલમાં ગુરૂત્તમ લઘુત્તમના અવયવ ના હોય. જ્યાં બધા અવયવ ભેગા મળે, અને 'ફીલિંગ'નાં ફૂવ્વારા છોડે, એને મહેફિલ કહેવાય..! અમુક તો એવી દિલચશ્પ મહેફિલ હોય, કે છોડવાના યોગ આવે ને, વિષાદ યોગ નીકળે. બેટરી Low થઇ જાય. જતી વખતે બબુડો 'બાય બાય' કહેતા પણ રડી પડવાનો હોય એમ, અવાજ રૂંધાય જાય. મહેફિલની એ મઝા છે મામૂ..! દીવ-દમણ-ગોવા અને આબુ જેવા, ચારેય ધામોની રંગત એક જ જગ્યાએ મળે, એને પણ મહેફિલ કહેવાય. જો કે, આજના કોફી કલ્ચરને 'મહેફીલ' વિષે ઝાઝું સમજાવવાનું ના હોય. સમજાવવા ગયા તો સાપના માથે બેસીને બિન વગાડવા નીકળ્યા હોય એવું લાગે. 'બૂચા' કહે તે અલગ...! આપણી બાજીમાં ત્રણ એક્કા આવ્યા હોય તો, જીંગાલાલા નહિ થવાનું, સામેવાળા પાસે, બાજીમાં ત્રણ જોકર પણ હોય..! એવું તો માનતા જ નહિ કે, દેશમાં માત્ર ભૌતિક વિકાસ જ થયો છે..! માનસિક વિકાસ પણ એવો અધધધ થયો છે કે, ભલે આપણે ખડૂસ કહેવાઈએ, છતાં એમની આગળ જ લાગીએ. પાદરના ઓટલે ચાર પાંચ બેસીને માત્ર ગળફા કાઢી, કોઈની તારા-મારી કરતા હોય એને મહેફિલ નહિ કહેવાય. પારકી પંચાત કરતા વળીને બેઠા હોય એને મહેફિલ નહિ કહેવાય, પાછલી ઉમરના 'રિમાન્ડ' કહેવાય..! મહેફિલ એટલે, જ્યાં મસ્તી છે ત્યાં, હસ્તી છે. જ્યાં ખાણીપીણીની જબરદસ્તી હોય, અને બધું પત્યા પછી, 'ચાલો આવજો ત્યારે, કંઈ કામ હોય તો કહેજે બકા' નાં વિધાન સાથે વાર્તા પૂરી થાય એને મહેફિલ કહેવાય..! એમાં એવું છે ને કે, ભગવાને માણસને પૃથ્વી ઉપર પાર્સલ તો કર્યો, પણ ધરતી ઉપર જઈને શું ઉકાળવાનું, ઉકાળવાનું એ કહેવાનું ભૂલી ગયેલા. એટલે જેને જેવી સંગત મળી, તેવી તેણે રંગત લીધી. સંગત વગર જીવવાનું અઘરું છે દાદૂ..! જીવતરને પાર પાડવા કેવા અગન ખેલ ખેલવા પડે , એની ખબર તો નાકુચામાં આંગળી આવે ત્યારે જ પડે. ચાલતી ગાડીમાં ચઢી બેસી, જેને બારી પાસે જગ્યા મળી છે, એને ભીડ કોને કહેવાય એ નહિ સમજાય. ડગલે ને પગલે હાર-જીતનો સામનો કરવાનો આવે. તો જીવાય..! જીત્યા તો સિકંદર ને હાર્યા તો કલંદર, આઈ મીન સુફી સંત..! બાકી જે મદાર બાંધીને બેઠો હોય કે, જીત તો આપણી જ છે, પણ જેવો હારે એટલે એની આંખની પાઈપ લાઈન ફાટવા માંડે..! નવો ખેલાડી હોય તો, રોદણા પણ રડવા માંડે કે, 'હમ છોડ ચલે હૈ મહેફીલકો, કભી યાદ આયે તો મત રોના..!' એના કપાળમાં કાંદા ફોડું..! તો હારે ત્યારે માથે હાથ ફેરવનારૂ પણ કોઈ જોઈએ. અસલ્લ તો ઋષિમંત રહેતા. ગુરુભાવે મલમપટ્ટી કરી આપતા કે, ' બચ્ચે..! હાર-જીત તો કાંડાકી કૌવતકા ખેલ હૈ..! જો જીતા વો પાવરફુલ ઔર જો હારા વો ડેમફૂલ, યે દુનીયકા પુરાના દસ્તુર હૈ. જો જીતા વો સિકંદર બાકી સબ બંદર..! હાર અ ન





જીત ત સિક્કાની બે બાજુ છે.

એક જીતે એટલે બીજો હારવાનો જ છે. પછી લોહીના ઉકાળા શું કરવાના..? સાધ્ય સિદ્ધ કરવું હોય તો, સુસવાટા પણ સહન કરવા પડે મામૂ..! જીત ભલે આઈસ્ક્રીમ જેવી ટેસ્ટી અને પચવામાં સહેલી હોય, પણ હારને જે પચાવી જાણે, એની જ પાચનક્રિયા 'ફેન્ટાસ્યટીક' હોય..! એમને ખબર છે કે, પોઝીશન ભલે ડાઉન થાય, પણ પોઝીટીવીટીને લુણો નહિ લાગવો જોઈએ. બસમાં મુસાફરી કરતા હોય, ને બેસવાની જગ્યા નહિ મળે તો, પણ અમુકના મગજ જગત જમાદારની જેમ છટકે. ઉભા ઉભા મુસાફરી કરતા હોય ત્યારે તો એવું ફીલિંગ આવવું જોઈએ કે, બેઠેલાને 'સ્ટેન્ડિંગ ઓવિએશન' આપવા માટે આપણે ઉભેલા છે..! છોકરું ભલે ૩૫ માર્કસ લાવ્યું હોય, છતાં છાતી ઠોકીને એમ કહે કે, 'હું કલાસમાં ટોપર આવ્યો' એવું ખોટું તો ખોટું પણ ખમીર રાખવાનું. મેદાન છોડીને ભાગેડુ બનવાનો વખત આવે નહિ..! તંઈઈઈ..? 'હમ છોડ ચલે હૈ મહેફીલકો, કભી યાદ આયે તો મત રોના..!' આવા રોદણા રડવાથી શુક્રવાર વળતા નથી.

ચમનીયાનો ચંપુ, ગણિતના વિષય માં ૯૦ માર્ક્સ લાવ્યો, તો પણ બાપાને આઘાત લાગ્યો કે, નક્કી દીકરાએ કોઈ ઘાલમેલ કરી છે. બાપાએ, સટાક...સટાક...બે લાફા ઝીંકીને પૂછ્યું, 'બોલ નવડા આગળ મીંડુ લગાવીને ૯૦ કરેલા ને.? વધુ લાફા ખમવાની તાકાત નહિ હોવાથી ચંપુ કહે, ના બાપા....મીંડા આગળ નવડો મુકેલો..! એના કપાળમાં કાંદા ફોડું..! બોલ્યો, ચાલક બને તો પોષાય, ચાલાકી નહિ ખમાય તે આનું નામ..! પણ.. હાર અને જીતના ખેલ તો સદીઓથી ચાલી આવે. આજના નથી. જેમ પાંડવ હોય ત્યાં કૌરવ હોય, રામ હોય ત્યાં રાવણ હોય, કૃષ્ણ હોય ત્યાં કંસ હોય,એમ ક્ષેત્ર કોઈપણ હોય, હાર અને જીત તો અખંડ છે. ભારોભાર 'સુગર' હોય, ને સામે ચમચમ મીઠાઈની થાળી પડી હોય, છતાં ખાય નહિ શકાય એ પણ હાર છે. ને ખ્વમાંથી પૈસા ... ક્ઢ્વા જાવ અને સ્ક્રીન ઉપર લખાયને આવે કે, "Insufficient Balance" એ પણ હાર છે. એવું જ જીતનું...! ઘરમાં પાંચિયું ઉપજતું ન હોય, છતાં પંચાયતમાં મોટી લીડથી ચૂંટાઈ જાઓ, એ પણ એક જીત છે. હાર જીતનો આધાર સમય - સંજોગ અને કૌવત ઉપર છે.

જે ફાવેલો એ ડાહ્યો, એ સ્વીકારી લેવાનું. જીત્યા પછી ફાંકો નહિ રાખવાનો કે, આ તો મારી મહેનત અને પ્રમાણિકતાનું ફળ છે. અને હારનારે પણ સ્વીકારી લેવાનું કે, નસીબ સગા બાપનું થતું નથી. આ બધા નસીબ-નસીબ ના ખેલ છે..! હારજીત પણ એક "Comedy Show" છે.

સુખી થવાનો એક જ માર્ગ, નાપાસ થવાય તો ભલે થવાય, નાસીપાસ નહિ થવાય..! 'હાર્યો જુગારી જ બમણું રમી શકે .! આ જીવન ક્રિકેટની રમત જેવું છે. જેમાં દરેક માણસ પોતાને 'સચિન' અને 'સૂર્યવંશી'સમજે. પણ રમવાનું આવે ત્યારે વાંઝણું પાટિયું જ હલાવે. 'મેઈડન ઓવર' કાઢે. હારી ગયા પછી બત્તી થાય કે, મગજમાં ખોટી હવા ભરાય નહિ. રાજકારણમાં હારવાનો 'એટેક' આવે ત્યારે મેદાન છોડીને ભાગનારા જૂઝ હોય, તું નહિ તો ઔર સહી, ઔર નહિ તો ઔર સહી..ની ફોર્મ્યુલામાં ગમે ત્યાં ને ગમે ત્યાં ગોઠવાય જ જાય..! હારીને કોઈ બાવો બની ગયો હોય એવું સાંભળ્યું નથી..!

મન અને મૌસમનાં મિજાજ કદીએ સખણા રહેતા નથી. સિંહનો ભરોસો થાય, પણ મૌસમ અને મતપેટીનો ભરોસે નહિ રહેવાય. પણ જેના જીવનમાં હાસ્ય અને હિંમત છે, એ નિષ્ફળ બનતા નથી. હસતો માણસ ઉભો થઇ શકે છે, રડતો માણસ નસીબના પાનાં પલટાવી શકતો નથી. આજે તો મૌસમ બદલાય એમ માણસ પણ બદલાય, અને નેતાઓ પણ દાવ જોઈને દિમાગ બદલતા હોય. નેતાગીરીને ચિરંજીવ રાખવી હોય તો, નેતાએ ત્રણ ફેક્ટરી રાખવી જોઈએ. મગજમાં બરફની ફેક્ટરી, વાણીમાં સુગર ફેક્ટરી અને હૈયામાં Love ફેક્ટરી..! આટલું આવડતું હોય તો જ નેતાની ફેકલ્ટીમાં સફળ થવાય..! શું કહો છો રતનજી..!

પણ ચમનીયો એટલે, ચૂંટણીનો એવો કીડો કે,જીતવા કરતા હારવા માટે જ ઉભો રહેતો હોય એવો. વધારેમાં વધારે ચૂંટણી હારવાનો world record આજે પણ ચમનીયા પાસે છે..! ડીપોઝીટ ની સંખ્યા જેટલા પણ મત નહિ મળે છતાં, લગન લગને કુંવારો બનીને લલ્લુ લાલો બની જાય..!

ચૂંટણી આવે એટલે સભાઓ ગજવતો થઇ જાય કે, કાગડા કુતરાના મોતે મરીશ ,પણ ચૂંટણી જીતીને જ જંપીશ. થાય એવું કે,જેને જેને 'વોટબોંબ' માનેલા હોય એ બધા બટાકા જેવા નીકળે, ને જેના ઉપર મદાર રાખી કોય, એ સુરસુરિયા નીકળે. પણ હિમત હેઠી મુકીને એવું તો ક્યારેય નહિ બોલે કે, 'હમ છોડ ચલે હૈ મહેફિલકો....! એક સંશોધન તો રહેવાનું બોસ...! કે નેતાઓ જન્મે છે કે, આપણા પ્રયત્નોથી બને છે, એ સમજાતું નથી..!

**લાસ્ટ બોલ**

મને થયું લાવ આજે કોલર વગરનું શર્ટ પહેરું. પહેર્યા પછી શૈલીને પૂછ્યું, 'બેબી..! આ શર્ટમાં હું કેવો લાગુ છું..?'

મને કહે. 'ફાટેલા મોજામાંથી અંગુઠો બહાર નીકળ્યો હોય તેવા..!'

તારા કપાળમાં કાંદા ફોડું..!

# ડિગ્રીને બનાવો જોબને લાયક

આપણી કોલેજના ઈતિહાસમાં સૌ પ્રથમવાર 'એકેડમી ઈન્ડસ્ટ્રી મીટ' સેમિનાર યોજાઈ રહયો છે એ પ્રસંગે આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. મા.શ્રી ગફૂરચાચાના આર્થિક સહયોગ થકી આપણે આજે આજના સમયની માંગને અનુરૂપે આ સેમિનાર કરી રહ્યા છે.

વિદ્યાર્થી મિત્રો, મને વારંવાર એક પ્રશ્ન સતાવે છે કે આપણા દેશમાં અસંખ્ય એન્જીનિયર્સ, ગ્રેજયુએટસ અને પોષ્ટ ગ્રેજયુએટસ વિદ્યાર્થીઓ દર વર્ષે ડીગ્રી મેળવીને બહાર પડે છે ત્યારે એમને ડીગ્રીની પ્રાપ્તિ પછી જોબ માટે રીતસર અહીંતહીં ભટકવું પડે છે. એમને એમની અપેક્ષા પ્રમાણે જોબ મળતી નથી. કંઈ કેટલા અરમાનો સાથે મા બાપે પોતાના સંતાનને પેટે પાટા બાંધીને ભણાવ્યા હોય અને પછી ડીગ્રી મેળવીને બહાર નીકળે ત્યારે નિરાશ થવું પડે! આવું શા માટે ભારતમાં એક બાજુ બેકારી છે આમ છતાં મને એક આત્યંતિક વિધાન કરવાનું મન થાય છે કે આ દેશમાં બેકારી છે જ નહીં! હું જાણું છું કે રોજગાર કેન્દ્રમાં દર વર્ષે અસંખ્ય બેકારોની સંખ્યા નોંધાતી જાય છે. અર્થશાસ્ત્રીઓ પણ બેરોજગારીના આંકડા બહાર પાડે છે એ જાણ્યા પછી પણ ફરીથી હું વિધાન કરવા પ્રેરાઉ છું કે, આ દેશમાં બેકારી નથી. કારણ એટલું જ છે કે એક બાજુ ઉદ્યોગપતિઓને જે પ્રકારની સ્કીલ યાને કૌશલ્યોવાળા માણસો જોઈએ છે તે પ્રકારના માણસો મળતા નથી અને બીજી બાજુ અસંખ્ય બેકારો નોકરી મેળવવા ફાંફાં મારે છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જ આજના સેમિનારનું આપણે આયોજન કર્યું છે. ક્ષડીગ્રીને બનાવો જોબને લાયકક્ષને કેન્દ્રમાં રાખીને મારી વાત રજૂ કરૂં છું. વિદ્યાર્થીઓને કોલેજોમાં મળી રહેલું જ્ઞાન ઉદ્યોગોની દષ્ટિએ પર્યાપ્ત નથી. આપણા ગુજરાત રાજયમાં અને સમગ્ર દેશમાં પણ કોલેજોની (સેલ્ફ ફાયનાન્સ સહિત) સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. એટલું જ નહીં કોલેજોમાં જુદા જુદા અભ્યાસક્રમોની ઈન્ટેક કેપેસીટી પણ વધુ રહી છે. પરંતુ રોજગારને લાયક (Employable) વિદ્યાર્થીઓ બહાર પડતા નથી. આપણા દેશમાં જ થયેલા એક સર્વે મુજબ એન્જીનિયર્સની અંગ્રેજી લખવા અને વાંચવાની ક્ષમતા નિરાશાજનક જોવા મળે છે.એન્જીનિયરીંગ કોલેજોના વિદ્યાર્થીઓનું લેવલ એન્જીનિયર્સને અનુરૂપ નથી હોતું. અધૂરામાં પૂરું વધતી જતી સેલ્ફ ફાયનાન્સ એન્જીનિયરીંગ કોલેજમાં ફેકલ્ટી-અધ્યાપકો પણ મળતા નથી. આ સંજોગોમાં ફ્રેશ એન્જીનિયર્સ જ ફેકલ્ટી તરીકે ઉચ્ચક પગારમાં અન્યત્ર કામ ન મળતાં કોલેજોમાં જોડાય છે. ત્યારે રોજગારને કાબેલ ન હોવું એ બેકારી કરતાં પણ ખરાબ સ્થિતિ છે. ઉચ્ચતમ ડિગ્રી મેળવ્યા પછી આપણો વિદ્યાર્થી રોજગાર માટે પાત્ર ન બને એવી નિરાશાજનક પરિસ્થિતિ જોવા મળે છે.આવા સંજોગોમાં ડિગ્રીધારીઓએ શું કરવું જોઈએ. વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી સ્કીલ યાને કૌશલ્યોને ઓળખવા પડશે. પોતાનામાં કઈ સુષુપ્ત શકિત પડેલી છે તેને જાણીને તેને બહાર લાવવી પડશે. ફક્ત પુસ્તકિયા જ્ઞાનથી ડીગ્રી મળશે પરંતુ નોકરી મળશે નહીં એ જાણી લેવું પડશે. દરેક વિદ્યાર્થીએ પોતાનું લ્ષ્બ્ન્ એનાલિસિસ કરવું પડશે અર્થાત્ પોતાની તાકાત શું છે. પોતાની ખૂબીઓ કઈ કઈ છે. પોતાના પ્લસ પોઈન્ટ કયા કયા છે. એની સાથે જ પોતાની ખામીઓ યાને નબળાઈઓ તરફ પણ સજાગ થવું પડશે. આ નબળાઈઓને ઓળખીને એને ઓવરકમ કરવા સતત પ્રયત્નશીલ રહેવું પડશે. સાથે જ પોતાની ડીગ્રી અને આવડતને અનુરૂપ પોતાને માટે કઈ કઈ તકો ઉપલબ્ધ છે તે જાણીને તે તકોને ઝડપી લેવી પડશે અને ઉપલબ્ધ તકોને ઝડપતાં ભયસ્થાનોનો પણ વિચાર કરી લેવો પડશે. ટૂંકમાં ડિગ્રીની સાથે સાથે જો તમો તમારૂં SWOT એનાલિસિસ યાને સ્વયં મૂલ્યાંકન કરશો તો તમે તમારી જાતને બરાબર ઓળખી શકશો. અને એ પ્રમાણે તમો પ્રયત્નશીલ રહેશો. મિત્રો, આજે પરિસ્થિતિ એવી છે કે કોલેજો કે યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓ અને તેના પરિણામોમાં ઉદ્યોગોને



## અભિવ્યક્તિ

**ડો. જે.એમ. નાયક (નવસારી)**
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

હવે વિશ્વાસ રહયો નથી પરિણામે ઉદ્યોગો ડીગ્રીધારીના જ્ઞાનને ચકાસવા માટે પોતાની રીતે પરીક્ષા લે છે અને એમાં ઉત્તીર્ણ નીવડે તેને જ જોબ આપે છે. ઘણીવાર એવું બન્યું છે કે યુનિવર્સિટીની પરીક્ષામાં નબળા પરિણામવાળાને ઉદ્યોગોએ જોબને લાયક ઠેરવીને જોબ આપી છે. ડિગ્રીને જોબને લાયક બનાવવા માટે ઉદ્યોગો તમારી પાસે સાત આઠ જીવન કૌશલ્યોની અપેક્ષા રાખે છે. સૌ પ્રથમ છે ટાઈમ મેનેજમેન્ટ, આપણા દેશમાં આપણે સમય બાબતે ખૂબ જ બેદરકારી દાખવીએ છીએ. પૈસાને બચાવવા પ્રયત્ન કરીએ છીએ એટલો પ્રયત્ન સમયને બચાવવા આપણે કરતા નથી. આપણે આપણી પ્રાયોરીટીઝ નકકી કરતા નથી પરિણામે બીનજરૂરી બાબતોમાં કે કામોમાં આપણો સમય વેડફાય છે. ઉદ્યોગોને સમય પરત્વે બેપરવાહ યુવાનો ખપે નહીં! તમો જોબના સ્થળે મોડા પહોંચો કે જોબનો સમય પૂરો થવા પહેલાં ઘડિયાળ તરફ જોવા માંડો કે નોકરી દરમ્યાન મોબાઈલ પર વાત કરીને સમયનો તમને પગાર મળે છે એ સમયને બરબાદ કરો એ ઉદ્યોગપતિઓને પરવડે નહીં. ટૂંકમાં સમય વ્યવસ્થાપન એ ડીગ્રી મેળવવા માટેની પહેલી અને અનિવાર્ય શરત છે. બીજું જીવન કૌશલ્ય છે તમને તમારામાં આત્મવિશ્વાસ! જે ડીગ્રીધારીને પોતાનામાં વિશ્વાસ ન હોય એ શું કરી શકે? ઉદ્યોગોની આવશ્યકતા છે આત્મવિશ્વાસથી છલોછલ ભરેલા યુવાનોની! ડિગ્રી હોય પરંતુ જે કામ કરવાનું છે એ કામ કરવામાં એ ઢચુપચુ હોય તે ચાલી શકે નહીં. Yes, I can do it.......એવી મનોવૃત્તિવાળો યુવાન જ ઉદ્યોગોને પરવડે! ત્રીજું મહત્વનું કૌશલ્ય છેઃ સ્વયંશિસ્ત અર્થાત્ સેલ્ફ ડીસીપ્લીન. મારું એવું ચોકકસપણે અને દઢપણે માનવું છે કે કોઈપણ વ્યકિત, સંસ્થા, રાજય કે રાષ્ટ્ર શિસ્ત વિના પ્રગતિ કરી શકે નહીં. લાદવામાં આવેલી શિસ્ત નહીં પરંતુ સ્વયંશિસ્તનો ગુણ તમારી પ્રગતિને રોકી શકે નહીં. વૈશ્વિક ફલક પર જોશો તો જે દેશોએ પ્રગતિ કરી છે તે દેશની પ્રગતિ પ્રજાની શિસ્તને આભારી છે. આવી જ શિસ્તની ઉદ્યોગો પણ પોતાના કર્મચારીઓ પાસે રાખે છે.

ચીલાચાલુ નહીં, પરંતુ કંઈક નૂતન, નવી પહેલ કરવાની આવડત તમારામાં હોવી જોઈએ. ગળાકાપ ફરીફાઈમાં કોઈપણ ઉદ્યોગ જુનીપુરાણી શૈલીથી ચાલી શકે નહીં. સમયને અનુરૂપ ફેરફાર કરવા પડે છે, પરિવર્તનશીલ બનવું પડે છે. આ સંજોગોમાં ઈનીશીએટીવ નિર્ણય લેવાની તમારી તૈયારી હશે તો તે તમારો પ્લસ પોઈન્ટ બની જશે. નવું વિચારવાની, નવું કરવાની, નૂતન અભિગમ અપનાવવાની તમારી તૈયારી સતત હોવી જોઈએ. હરીફાઈયુક્ત બજારમાં અનેક હરીફો હોય છે પરિણામે સતત દબાણ હેઠળ કામ કરવું પડે છે. આવા પ્રેશર હેઠળ કામ કરવાની ક્ષમતા તમારે વિકસાવવી પડે. ટારગેટ એચીવ કરવાના હોય તે માટે સતત દોડતા રહીને ડગલે ને પગલે દબાણ હેઠળ કામ કરવું પડે છે. આવા સંજોગોમાં ગભરાઈને કામ થઈ શકે નહીં. ગમે એટલું દબાણ આવે તો પણ સ્વસ્થતાથી આગળ વધતા રહેવાની ટેવ કેળવવી પડે છે. આવી જ એક અગત્યની બાબત છે તે છે ટીમ ભાવના. ઉદ્યોગોમાં તમો એકલા નથી. એકલા હાથે બધું થઈ શકે નહીં. ટીમ વર્કથી લક્ષ્યાંકો પાર પાડવાના હોય ત્યારે તમારામાં સમૂહમાં કામ કરવાની કુનેહ હોવી જોઈએ. સારી ટીમ થકી અનેકાનેક મુશ્કેલ કાર્યો પણ સરળ બની જાય છે. જો સમૂહમાં તમો કામ ન કરી શકો તો એ પણ તમારા માટે નેગેટીવ પોઈન્ટ બની રહે છે. ઉદ્યોગોની અલગ એટીકેટ હોય છે. ખાસ કરીને મલ્ટીનેશનલ કંપનીઓમાં કામ કરતી વખતે એટીકેટ યાને શિષ્ટચારને તમારે અનુસરવું પડે છે. ઈનોવેટીવ આઈડીયાઝ તમને ટોપ પર પહોંચાડી શકે છે. એક નવો વિચાર તમે તમારી કંપનીને આપો એ કંપની માટે ટર્નીંગ પોઈન્ટ પર બની શકે. ઉદ્યોગોમાં હવે ઈનોવેટીવ આઈડીયાઝનું મહત્ત્વ અનેકગણું છે. વિદ્યાર્થી મિત્રો, આ બધા જ જીવન કૌશલ્યોની સાથે જેનું અદકેરૂં મહત્ત્વ છે તે તમારો એપ્રોચ, તમારો એટીટ્યુડ તમારો હકારાત્મક અભિગમ તમને પણ તારશે અને કંપનીને પણ તારશે. દરેક વાતમાં જો તમો નેગેટીવ વિચારો તો તમો પણ પ્રગતિ કરી શકો નહીં અને કંપની પણ પ્રગતિ કરી શકશે નહીં. ફક્ત નોકરી માટેજ નહીં સારું જીવન જીવવા માટે પણ પોઝીટીવ એટીટ્યુડ પાયાની શરત છે.

આપ સૌને પ્રશ્ન થશે કે રોજગાર મેળવવાની આવડતને કેવી રીતે વધારી શકાય? થીયરીના જ્ઞાનની સાથે સાથે પ્રેકટીકલ જ્ઞાન પણ મેળવતા રહેવું પડે! તમો જે શીખો છો તેને વ્યવહારમાં કેવી રીતે અમલમાં મૂકો છો તે બાબત ખૂબ જ અગત્યની બની જાય છે. તમારે ટેક્રીકલ કૌશલ્યને વિકસાવવું પડશે. ફક્ત ડીગ્રી નહીં, પરંતુ ડીગ્રીની સાથે હાર્ડ સ્કીલ અને સોફટ સ્કીલનો સમન્વય કરવો પડશે. આજે વિશ્વ જયારે એક નાનું ગામડું બની ગયું છે ત્યારે આંતરરાષ્ટ્રીય ભાષા એવી અંગ્રેજી ભાષા પર તમારૂ પ્રભુત્વ કે અંગ્રેજીનું જ્ઞાન તમને જોબ મેળવી આપવાની અનેક શકયતાઓ વધારી આપે છે. માતૃભાષા જરૂરી છે. પરંતુ વિશ્વ જે ભાષામાં વાત કરે તે ભાષામાં તમારે તમારું પ્રભુત્વ સ્થાપવું પડશે. તમારી બેઝીક ડીગ્રીની સાથે સાથે તેને અનુરૂપ ખાસ કોર્સિસ અને વોકેશનલ કોર્સિસ ઉપર પણ તમારે ફોકસ કરવું પડશે. ફકત પુસ્તકિયા જ્ઞાનને આધારે તમારું ગાડું ગબડે નહીં. અભ્યાસ દરમ્યાન જ તમને મળેલ ઉચ્ચતર શિક્ષણના પ્લેટફોર્મના સદ્ઉપયોગ કરીને તમારામાં રહેલી સુષુપ્ત શક્તિઓને વિકસાવવી પડશે. એટલું જ નહીં એક વાર નોકરી મળી ગયા પછી પણ તમારે સતત અપડેટ થતા રહેવું પડે અને એ માટે ટ્રેનીંગ, રીફેશર કોર્સ, સેમિનાર, વર્કશોપ વિગેરે એટેન્ડ કરીને પોતાની જાતને પૂરવાર કરતા રહેવું પડે છે.

મિત્રો, કોર્પોરેટ જગત તમારી પાસે શું ઈચ્છે છે? તમારી જાતને પ્રેઝન્ટ કરવાની કળા તમારી પાસે છે? તમારી પાસે લોજીકલ એબીલીટી છે. તમો અન્ય કરતાં અલગ રીતે વિચાર કરવાની ક્ષમતા ધરાવો છો (Think the Opposite) તમારે જે કામ કરવાનું છે તે શીખવાનું ઝનૂન છે. ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા ધરાવો છો. રોજબરોજ ઉપસ્થિત થતા પ્રોબ્લેમ સોલ્વ કરવાની આવડત તમો ધરાવો છો? કોર્પોરેટ વર્લ્ડની જરૂરિયાત મુજબ જો તમો એબીલીટી ધરાવતા હો તો જોબની પુષ્કળ તકો તમારા આંગણે તમારી રાહ જુએ છે. ટૂંકમાં કહું તો જોબ મેળવનારે માર્કેટ પર નજર રાખીને એમની માંગ મુજબ પોતે તૈયારી કરવી જોઈએ.

મારી સમગ્ર વાતનો સાર એ છે કે ફક્ત તમારી ડીગ્રી તમને જોબ અપાવી શકે નહીં જોબને લાયક ડીગ્રી બનાવવી પડશે. ઈન્ફોસીસના વડા નારાયણમૂર્તિ પણ એન્જીનિયરીંગના શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ કરે છે. એ જ રીતે એમ.બી.એ.ની બેઠક સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે પરંતુ બહાર પડતા એમ.બી.એ. માંથી લગભગ વીસ ટકા એમ્પોયેબલ એટલે કે રોજગારને લાયક તૈયાર થાય છે. મોટે ભાગના એન્જીનિયર્સ અને એમ.બી.એ. પોતાની ડીગ્રી પ્રમાણે અપેક્ષા મુજબનું કામ મેળવી શકતા નથી. આ સંજોગોમાં બી.કોમ. અને એમ.કોમ. વિદ્યાર્થીઓની હાલતનો તમો વિચાર શકશો.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 18, July 2026


## ઝડપી અને યોગ્ય ન્યાય

ગત પહેલી મેએ પૂણે જિલ્લાના નસરાપુરમાં બપોરના સમયે ઘરના આંગણામાં રમતી સાડા ત્રણ વર્ષની બાળકીને તેની દાદાની વયના ૬૫ વર્ષીય શખ્સ લાલચ આપી વાડામાં લઈ ગયો અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચરી એ ફૂલ જેવી બાળકીને રહેંસી નાખી. આ ઘટનાને કારણે ઊભા થયેલા જનઆક્રોશનો સામનો સરકારને કરવો પડયો. પરિણામે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરાઈ અને તપાસ માટે વિશેષ ટીમ બનાવવામાં આવી. ઘટનાનો કોઈ સાક્ષી ન હોવાથી ટેકનિકલ પુરાવાના આધારે તપાસ હાથ ધરાઈ. ૧૫ દિવસમાં પોલીસે ૧૫૦૦ પાનાંની ચાર્જશીટ ફાઈલ કરી, અદાલતમાં ખટલો ચાલ્યો અને બે મહિનાની અંદર સ્પેશિયલ જજ એસ.આર. સાળુંખેએ આરોપીને ફાંસીની સજા સુણાવી. આ આખા મામલામાં પોલીસ ખાતું અને ન્યાયતંત્રને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. ૬૫ વર્ષના નરપિશાચ ભીમરાવ કાંબળેને થયેલી સજા અને ઝડપી પ્રક્રિયા એક અપવાદરૂપ કિસ્સો ન રહેતાં રૂટિન બાબત બને એવી આશા નાગરિકો રાખે તો એ વધુ પડતું નહીં ગણાય. કાંબળેને મળેલી સજા પર અમલ થવામાં ઉપલી અદાલતોમાં અપીલ અને રાષ્ટ્રપતિ સામે દયાની અરજી જેવી પ્રક્રિયાઓ બાકી છે, આથી આ મામલામાં ખરેખર ન્યાય થયો એવું કહેવા માટે હજી રાહ જોવી પડે એમ છે. જો કે, જે અસાધારણ ઝડપે અત્યારનો નિકાલ આવ્યો છે, એ જોતાં આગળની પ્રક્રિયામાં પણ વિલંબ નહીં થાય એ નક્કી છે. ન્યાયતંત્ર અને પોલીસ ખાતાની પરિસ્થિતિ જોતાં લાંબી ચાલતી તપાસ અને એનાથી પણ લાંબા સમય સુધી અદાલતમાં વિલંબિત રહેતા ખટલાને કારણે નાગરિકોનો વિશ્વાસ આ બંને પરથી ઓછો થતો જાય છે. આથી, જઘન્ય અપરાધીઓને તથા ખાસ તો કુમળી વયની બાળકીઓ સાથે દુષ્કર્મ કરનારા નરાધમોનું પોલીસ એન્કાઉન્ટર કરી તરત ન્યાયની માંગ વધતી જોવા મળે છે. બે વર્ષ પહેલાં મુંબઈ પાસેના બદલાપુરમાં નાની બાળકી સાથે દુષ્કર્મ આચરનારા આરોપી પોલીસ સાથેની ચકમકમાં ઠાર થયો. એ પહેલાં નાગરિકોએ માંગ કરી હતી કે, આ અત્યાચારીને અમારા હવાલે કરી દો. જો કે, આ ન્યાયી લાગતું હોય તો પણ કાયદાની પ્રક્રિયા વિના દેહાંત દંડ આપી શકાય નહીં અને સભ્ય સમાજ માટે લાંબા ગાળે આ બરાબર નથી. જો કે, આ માટે ન્યાયાલયો તથા ન્યાયાધિશોની સંખ્યા વધારવાની, પોલીસ ખાતાને વધુ સજ્જ કરવાની અને મૂળ તો સરકાર આવા દરેક કેસને અતિગંભીર ગણે અને સમયસર ન્યાય મળે તો જ નાગરિકોનો વિશ્વાસ સ્થપાય.

# ગુજરાતમાંથી જૈશના પાંચ આતંકવાદીઓ ઝડપાયા

## આ આરોપીઓ ૨૦૨૩થી ઓનલાઈન બોમ્બ બનાવવાની તાલીમ લઈ, ૮ વખત IED બ્લાસ્ટના સફળ ટેસ્ટ કરી ચૂક્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૭ : ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા રાજ્યમાં આતંકવાદી નેટવર્ક અને દેશવિરોધી પ્રવૃત્તિઓ ચલાવતા પ્રતિબંધિત સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM)ના ષડયંત્રનો પર્દાફાશ કરીને વધુ ૫ આતંકઓની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ બીજી જુલાઈના રોજ આઠ આતંકીની ધરપકડ કરાઈ હતી. આ કેસની ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન ગુજરાત અને રાજસ્થાનમાંથી પૂછપરછ માટે લાવવામાં આવેલા સાક્ષીઓ અને અગાઉ પકડાયેલા આરોપીઓની કબૂલાતના આધારે વધુ ૫ શખસોની સંડોવણી ખુલવા પામી હતી. આતંકવાદી કૃત્યો પાર પાડવાના કાવતરામાં સક્રિય ભૂમિકા ભજવવા બદલ કોર્ટે આ તમામ ૫ આરોપીઓના ૮ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. મળતી માહિતી અનુસાર, પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછમાં અત્યંત ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. આ આતંકીઓ વર્ષ ૨૦૨૩થી જ બોમ્બ બનાવવાની અને IED ડેટોનેટર કરવાની ઓનલાઈન ટ્રેનિંગ લઈ રહ્યા હતા. આ માટે તેઓએ ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ તેમજ લોકલ માર્કેટમાંથી ગન પાઉડર બનાવવા માટેનું રો-મટીરીયલ (કાચો માલ) ખરીદ્યું હતું. એટલું જ નહીં, ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં તેઓએ અલગ-અલગ નિર્જન જગ્યાઓ પર કુલ ૮ વખત એક્સપ્લોઝિવ ટાઈમર મિકેનિઝમથી આઈઈડી (IED) બ્લાસ્ટ કરવાના સફળ પરીક્ષણો (ટેસ્ટ) પણ કર્યા હતા.

ગુજરાત ATS દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી આઈઈડી બનાવવાની સામગ્રી ઉપરાંત આતંકી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે એકત્રિત કરવામાં આવેલ ૧,૩૦,૦૦૦ રૂપિયાનું ફંડ, જૈશ-એ-મોહમ્મદનો ઝંડો અને આતંકી મસૂદ અઝહરની 'અકેલા મુજાહિદ જિહાદ કૈસે કરે' જેવી ઉગ્ર જેહાદી કિતાબો અને સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.

**પકડાયેલા નવા ૫ આરોપીઓ**

- બિલાલ શેરા (ઉંમર વર્ષ: ૨૪)
- મોહમ્મદ ઐયુબ કડીવાલ (ઉંમર વર્ષ: ૨૨)
- મોહમ્મદ ઐયુબ સુણસરા (ઉંમર વર્ષ: ૨૦)
- મોહમ્મદ સફી મુખી (ઉંમર વર્ષ: ૨૧)
- મોહમ્મદ હસન કરડિયા (ઉંમર વર્ષ: ૨૦)

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ તમામ આરોપીઓ રાજ્યના વિવિધ મદ્રેસાઓમાં રહીને અભ્યાસ કરતા હતા અને ત્યાં રહીને જ આતંકી વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરતા હતા. તે અન્ય નિર્દોષ યુવાનોનું બ્રેઈનવોશ કરવા માટે આતંકી આકા મસૂદ અઝહરના ઝેરીલા જેહાદી બયાનો અને વીડિયો પેનડ્રાઈવ મારફતે વહેંચતા હતા. આ ઉપરાંત, તે મસ્જિદોમાં ગુપ્ત રીતે ભેગા થઈને આઈઈડી (IED) અસેમ્બલ કરવાની તાલીમ મેળવતા હતા.

આ નરાધમોએ મદ્રેસાના અન્ય વિદ્યાર્થીઓને પોતાની સાથે કથિત જેહાદમાં જોડવા માટે અત્યાર સુધીમાં કુલ ૩ વખત 'દાવત' પણ આપી હોવાની વિગતો પોલીસ તપાસમાં સપાટી પર આવી છે.

ગુજરાત ATSની આ કામગીરીથી એક મોટું મોડ્યુલ પકડાયું છે અને અત્યાર સુધીમાં કુલ ૧૩ આરોપીઓની ધરપકડ થઈ ચુકી છે. આ લોકો કોઈના ફંડિંગથી નહીં, પરંતુ પોતાના જ બચાવેલા પૈસાથી નાની માત્રામાં એટલે કે ૨૦૦, ૩૦૦, ૪૦૦ કે ૫૦૦ ગ્રામના મિક્સચર બનાવીને દૂર અવાવરું જગ્યાઓ પર બ્લાસ્ટના એક્સપેરિમેન્ટ કરતા હતા.

અત્યાર સુધીની તપાસમાં તેણે કોઈ ચોક્કસ ટાર્ગેટ નક્કી કર્યો હોય અથવા તો બિલ્ડીંગ કે હાઈકોર્ટને મળેલા ધમકીભર્યા મેઈલ સાથે તેનો કોઈ સંબંધ હોય તેવું જાણવા મળ્યું નથી.

હાલ આરોપીઓની પૂછપરછ કરાઈ રહી છે. જો અન્ય કોઈની સંડોવણી જણાશે તો તેની સામે પણ કડક કાર્યવાહી થશે.

# મોદીએ ભારતની પહેલી હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા) ચંદીગઢ, તા.૧૭ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની પહેલી હાઈડ્રોઝન ટ્રેનનો શુભારંભ કરાવ્યો છે. આ ટ્રેન હરિયાણાના જીંદથી સોનીપત વચ્ચે દોડશે, જેની મુસાફરી ૯૦ કિલોમીટરની હશે. હાઈડ્રોજન ફ્યુલથી ચાલતી આ ટ્રેન ખાસ માનવામાં આવી રહી છે. કારણ કે ૧૦ કોચવાળી આ વિશ્વની સૌથી લાંબી હાઈડ્રોજન ટ્રેન છે. આ દરમિયાન પીએમ મોદીએ હરિયાણાને ૧૪૦૦ કરોડ રૂપિયાના અન્ય વિકાસકાર્યોની પણ ભેટ આપી છે. તેમણે કહ્યું કે, મારો હરિયાણા અને જીંદ સાથે જૂનો સંબંધ છે. અહીં હું સ્કૂટીથી આવતો હતો. જીંદનું ઘી, જીંદનું ઘેવર નથી બદલાયું, પરંતુ જીંદના તેવર જરૂર બદલાઈ ગયા છે.



વડાપ્રધાન મોદીએ કહ્યું, "ભારતની હાઈડ્રોજન ટ્રેન સૌથી શક્તિશાળી અને સૌથી ખાસ છે. જો આપણે રેલવેના ઈતિહાસ પર નજર કરીએ તો ૧૯મી સદીની રેલવે કોલસાથી ચાલતી હતી. ૨૦મી સદીમાં ટ્રેન ડીઝલ અને વીજળીથી ચાલતી હતી. હવે ૨૧મી સદીની ટ્રેન હાઈડ્રોજનથી ચાલવાની છે. ભારતે આ ક્ષેત્રમાં મોટું પગલું ભર્યું છે. જીંદથી સોનીપત વચ્ચે ચાલનારી હાઈડ્રોજન ટ્રેનની મુસાફરી ૯૦ કિલોમીટરની હશે. પરંતુ ભવિષ્યમાં અમે તેનો વિસ્તાર કરીશું. અમે આના પર સતત રિસર્ચ કરતા રહીશું. દુનિયામાં હાઈડ્રોજન આવ્યાને હજુ ૭થી ૮ વર્ષ જ થયા છે. દુનિયાના માત્ર ચાર દેશોમાં જ આ ટ્રેન ચાલી રહી છે. પરંતુ ભારતની હાઈડ્રોજન ટ્રેન સૌથી ખાસ છે."

વડાપ્રધાન મોદીએ કહ્યું, ૩૨૦૦ હોર્સપાવર સાથે આ સૌથી તાકાતવર ટ્રેન છે. તે તાકાતવર જ નહીં, વિશ્વની સૌથી લાંબી હાઈડ્રોજન ટ્રેન પણ છે. ભારતે પ્રથમ જ વખતમાં સીધી ૧૦ કોચવાળી ટ્રેન ચલાવીને દુનિયામાં પોતાનો ઝંડો ફરકાવી દીધો છે. હું તમને ગૌરવની એક વાત વધુ કહું. આ ટ્રેન ધુમાડા વગરની છે, આ મેક ઈન ઈન્ડિયાનું ઉદાહરણ છે. તેને ભારતના એન્જિનિયરોએ બનાવી છે અને ભારતની જ કંપનીએ બનાવી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "મિડલ ઈસ્ટમાં હોર્મુઝ સ્ટ્રેટમાં સતત યુદ્ધ જેવી સ્થિતિ છે. તેની અસર ભારત પર પણ પડી રહી છે. કારણ કે અહીંથી જ દેશમાં ડીઝલ-પેટ્રોલ, ખાદ્ય અને અન્ય જરૂરી સામગ્રી આવે છે. પરંતુ ૨૦૧૪ પહેલાં આવી સ્થિતિ બની હોત તો દેશનું રેલ નેટવર્ક સંકટમાં આવી જાત.

# રોહિંગ્યા શરણાર્થીઓની બે હોડી બંગાળની ખાડીમાં ડૂબી : ૫૦૦નાં મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)
સિડની, તા.૧૭
સંયુક્ત રાષ્ટ્રસંઘની રેફ્યૂજી એજન્સી અને માઈગ્રેશન ઓર્ગેનાઈઝેશને ચિંતા વ્યક્ત કરી છે કે રોહિંગ્યાઓની બે બોટ બંગાળની ખાડીમાં ડૂબી ગઈ છે અને એમાં ૫૦૦થી વધુનાં મોત થયા છે. બે બોટનો સંપર્ક તૂટી ગયા પછી કોઈ ભાળ મળી નથી. જોકે, સત્તાવાર રીતે આંકડો જાહેર થયો નથી. આ બોટ ડૂબી જવાની ઘટના થોડા દિવસ પહેલાં બની હતી. બંને હોડી ભેદી રીતે ડૂબી ગયાનું કારણ જાણવા મળ્યું નથી. ક્ષમતા કરતાં વધુ લોકો સવાર હોવાથી બોટ ડૂબી જવાની શક્યતા છે. મ્યાંમારના લઘુમતી રોહિંગ્યા સમુદાયના લોકો હિંસાથી બચવા શરણાર્થી કેમ્પોમાં જવા માટે જોખમી રસ્તા લેતા હોય છે. એવી જ એક ઘટના સામે આવી છે. મ્યાંમારના પશ્ચિમી તટ પર આવેલા રાજ્ય રખાઈનમાંથી રવાના થયેલી બે નાવ બંગાળની ખાડીમાં ડૂબી ગઈ હોવાની શક્યતા છે. એક નાવમાં ૨૫૦ લોકો સવાર હતા. એ બોટ બાંગ્લાદેશના શરણાર્થી કેમ્પોમાં આવવા નીકળી હતી. બોટ રવાના થઈ તેની થોડી કલાકો પછી એનો સંપર્ક તૂટી ગયો હતો.એક બોટ રવાના થઈ તેની પાછળ પાછળ ૨૮૦ લોકો સાથે બીજી બોટ પણ રવાના થઈ હતી. મ્યાંમારના અયેયારવાડીના તટેથી આ બોટ રવાના થઈ હતી અને તે પણ બાંગ્લાદેશના શરણાર્થી કેમ્પમાં જવા નીકળી હતી. એ પણ ગુમ થઈ ગઈ હતી. સંભવતઃ આ નાવ ડૂબી ગયાની શક્યતા છે. બંનેમાં મળીને લગભગ ૫૩૦નાં મોત થયાની આશંકા યુએને વ્યક્ત કરી હતી.

# વંદે માતરમ ગાતા અટકાવશો તો હવે ત્રણ વર્ષની જેલ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૭ : કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગીત વંદે માતરમના સન્માનને લઈને મોટો નિર્ણય લેવાની તૈયારીમાં છે. સંસદના ચોમાસુ સત્રમાં સરકાર એક નવું બિલ રજૂ કરશે, જેમાં રાષ્ટ્રીય ગીત ગાતા અટકાવનાર વ્યક્તિને ૩ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ હશે. અત્યાર સુધી આ નિયમ માત્ર રાષ્ટ્રગાન જન-ગણ-મન માટે જ લાગુ હતો, જે હવે રાષ્ટ્રીય ગીત માટે પણ અમલી બનશે. તાજેતરમાં જ કેન્દ્રીય કેબિનેટ દ્વારા આ બિલને મંજૂરી આપવામાં આવી છે. આ નવા ખરડા મુજબ, જો કોઈ વ્યક્તિ જાણીજોઈને રાષ્ટ્રગાન કે રાષ્ટ્રીય ગીત ગવાતું અટકાવશે, તેમાં અડચણ ઊભી કરશે અથવા આવી સભામાં હંગામો મચાવશે, તો તેને ૩ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. કેન્દ્ર સરકાર આ બિલને રાજ્યસભામાં રજૂ કરશે. આ પહેલા મોદી સરકાર તમામ સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમ્ ગાવું ફરજિયાત કરી ચૂકી છે.સરકારે ચોમાસુ સત્ર માટે જે કાયદાઓ તૈયાર કર્યા છે, તેમાં રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ (Prevention of Insults to National Honour Act)માં સુધારો કરવાનું બિલ લોકસભામાં લિસ્ટ કરવામાં આવ્યું છે. આ સુધારા દ્વારા જ રાષ્ટ્રીય પ્રતીકો અને ગીતોના અપમાન સામે કડક કાનૂની જોગવાઈઓ કરવામાં આવશે.સરકાર લોકસભામાં એક એવું બિલ પણ લાવવાની છે, જેનો ઉદ્દેશ્ય ભારતના સોવરિન ડેટ માર્કેટને મજબૂત કરવાનો છે. આનાથી વિદેશી મૂડીરોકાણ સરળતાથી ભારતમાં આવી શકશે. આ સિવાય, વિદેશી ફંડિંગ પર નજર રાખવા માટે ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA)માં સુધારો કરવાનું બિલ પણ

# સોનમ વાંગચુકને કોંગ્રેસનો સાથ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૭ : જાણીતા પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક છેલ્લા ૨૦ દિવસથી દિલ્હીના જંતર-મંતર ખાતે ભૂખ હડતાળ પર બેઠા છે, જેના કારણે તેમનું સ્વાસ્થ્ય સતત બગડી રહ્યું છે. પેપર લીક મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે તેઓ આ આંદોલન ચલાવી રહ્યા છે. શુક્રવારે, ૧૭ જુલાઈના રોજ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડા સોનમ વાંગચુકને મળવા જંતર-મંતર પહોંચ્યા હતા. તેમની મુલાકાત પહેલાં જ કોંગ્રેસ નેતા કે.સી. વેણુગોપાલે પણ સોશિયલ મીડિયા પર આ મુદ્દે પોસ્ટ કરીને કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા.સોનમ વાંગચુક સાથે મુલાકાત કર્યા બાદ કોંગ્રેસ નેતા પવન ખેડાએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, આપણે બધા સોનમ વાંગચુકના સ્વાસ્થ્યને લઈને ખૂબ જ ચિંતિત છીએ. આપણો સામનો એક એવી સંવેદનહીન સરકાર સાથે છે, જે લોકશાહીમાં વિરોધ પ્રદર્શનની ભાષા જ નથી સમજતી. જ્યારે આવી સરકાર સામે લડવાનું હોય, ત્યારે વિરોધ કરવાની પદ્ધતિઓ બદલવી પડશે. આવી સરકાર સામે પોતાનો જીવ જોખમમાં મૂકવાથી કોઈ પરિણામ નહીં આવે. આ સાથે જ કોંગ્રેસે દેશની સમગ્ર પરીક્ષા પદ્ધતિ પડી ભાંગી હોવાનો આક્ષેપ કરીને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગને ટેકો આપ્યો હતો.



કોંગ્રેસ પહેલાં આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી અને શિવસેનાના નેતાઓ પણ સોનમ વાંગચુકને સમર્થન આપવા જંતર-મંતર પહોંચી ચૂક્યા છે. આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે ખુદ વાંગચુક સાથે મુલાકાત કરી હતી અને તેમને દેશના શિક્ષણ મંત્રી બનાવવાની માંગ પણ કરી દીધી હતી. આ ઉપરાંત, સપા સાંસદ ડિમ્પલ યાદવ, રુચિ વીરા અને શિવસેનાના પ્રવક્તા સુષ્મા અંધારેએ પણ મુલાકાત લઈને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના પ્રમુખ રાજ ઠાકરેએ પણ સોનમ વાંગચુકની માંગણીઓને યોગ્ય ઠેરવી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું કે, એવું લાગી રહ્યું છે કે કેન્દ્ર સરકારે દેશમાંથી વિરોધ કરવાના અધિકારને જ ખતમ કરવાનો નિર્ણય કરી લીધો છે. માત્ર નીટ પરીક્ષામાં જ નહીં, પરંતુ દેશની તમામ પરીક્ષાઓમાં પારદર્શિતા હોવી અત્યંત જરૂરી છે. તેમણે આ ગંભીર મુદ્દા પર પીએમ મોદીને ધ્યાન આપવા અપીલ કરી છે.લાંબી ભૂખ હડતાળના કારણે સોનમ વાંગચુકની તબિયત લથડતા દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલે સુનાવણી કરતી વખતે દિલ્હી હાઈકોર્ટે સરકારને કડક નિર્દેશ આપ્યા છે કે સોનમ વાંગચુકના સ્વાસ્થ્યની સતત દેખરેખ રાખવામાં આવે અને તેમના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ ન થાય તેની તકેદારી રાખવામાં આવે.

# બલૂચિસ્તાનમાં BLA નો હુમલો, ૪૫ પાકિસ્તાની સૈનિકોના મોતનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૭
પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં સુરક્ષા દળો સામેની હિંસા સતત વકરી રહી છે. પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મી (BLA) એ એક સત્તાવાર નિવેદન જાહેર કરીને દાવો કર્યો છે કે, તેના લડાકુઓએ બલૂચિસ્તાનના મસ્તુંગ જિલ્લાના ખડકોચા વિસ્તારમાં પાકિસ્તાની સૈન્યના એક મોટા કાફલાને નિશાન બનાવ્યો છે. સંગઠનના જણાવ્યા અનુસાર, આ ભીષણ હુમલામાં 45થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને અસંખ્ય જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.BLAના પ્રવક્તા જીયંદ બલોચ દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, આ ઓપરેશનને સંગઠનની ખાસ કમાન્ડો વિંગ ફતહ સ્ક્વોડ દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાના જવાનોને લઈ જઈ રહેલી બસો અને તેમની સુરક્ષામાં તહેનાત એસ્કોર્ટ વાહનો પર લડાકુઓએ એકાએક હુમલો કરી દીધો હતો. એટલું જ નહીં, પ્રાથમિક હુમલા બાદ ઘટનાસ્થળે મદદ માટે પહોંચેલી વધારાની સૈન્ય ટુકડીઓ પર પણ ઓચિંતો હુમલો કરીને તેમને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, સૈન્ય કાફલા પર હુમલા બાદ બન્ને પક્ષો વચ્ચે કલાકો સુધી સામસામે ભારે ગોળીબાર અને સશસ્ત્ર અથડામણ ચાલી હતી. બલૂચ સંગઠનનો દાવો છે કે રણનીતિ પૂર્વક કરાયેલી આ કાર્યવાહીમાં સૈન્યને મોટો ફટકો પડ્યો છે અને મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે.

# ભારતમાં પ્લાસ્ટિકની ચલણી નોટો લાવવા RBIની તૈયારીઓ પૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૭ : આજના સમયમાં આપણે નાનામાં નાના પેમેન્ટથી લઈને મોટી ચૂકવણી માટે પણ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરતાં થયા છે, તેમ છતાં પણ હજી મોટી સંખ્યામાં લોકો રોકડનો ઉપયોગ કરી રહ્યા છે. તમારા ખિસ્સા કે પાકીટમાં પણ ૧૦, ૨૦, ૧૦૦ કે ૫૦૦ ની નોટો ચોક્કસપણે પડી હશે. પરંતુ આવનારા સમયમાં આ તમામ નોટોનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાયેલું જોવા મળી શકે છે. ભારતમાં હવે કાગળની જગ્યાએ પ્લાસ્ટિકની નોટો લાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને ભારતીય રિઝર્વ બેંક (RBI) એ આ દિશામાં એક અતિ મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે.

પોલિમર શીટ ખરીદવાની પ્રક્રિયા શરૂ :- મળતી વિગતો અનુસાર, RBI ની નોટ છાપનારી કંપની BRBNMPL એ હવે પ્લાસ્ટિકની નોટો બનાવવા માટે ઉપયોગમાં લેવાતી ખાસ પોલિમર શીટ ખરીદવાની અધિકૃત પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ માટે કંપનીએ વિશ્વભરની સપ્લાયર કંપનીઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI - પ્રસ્તાવ) મંગાવ્યા છે. આ પોલિમર શીટની મદદથી ભારતમાં પ્લાસ્ટિકની નોટો બનાવવાની દિશામાં ઝડપથી કામ આગળ વધારવામાં આવશે.

શું છે BRBNMPL? :- BRBNMPL એટલે કે Bhartiya Reserve Bank NOe Mudran Private Limited એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની જ એક સંપૂર્ણ માલિકીની સબસિડીયરી કંપની છે, જે દેશમાં કરન્સી નોટોની પ્રિન્ટિંગ અને છાપકામનું તમામ કામકાજ સંભાળે છે.


નોટોના ઉત્પાદનથી લઈને તેને લગતા તમામ નીતિવિષયક કામો આ જ કંપનીના શિરે છે. હવે જ્યારે આ કંપનીએ પોલિમર શીટ માટે EOI નોટિસ જાહેર કરી દીધી છે, ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું છે કે પ્લાસ્ટિક કરન્સી લાવવાની તૈયારીઓ અંતિમ ચરણમાં છે અને આવનારા સમયમાં આપણી જૂની કાગળની નોટોનું લુક સંપૂર્ણપણે બદલાઈ જશે. પ્લાસ્ટિકની નોટોના મુખ્ય ફાયદાઓ :- જો ભવિષ્યમાં સામાન્ય કાગળની નોટોની જગ્યાએ પ્લાસ્ટિક (પોલિમર) નોટો ચલણમાં આવે છે, તો ગ્રાહકો અને સરકાર બંનેને તેનાથી અનેક મોટા ફાયદાઓ થશે.

ફાટી જવાનો ભય નહીં :- અવારનવાર કાગળની નોટો જૂની થતાં કે ખેંચાતા ફાટી જતી હોય છે, પરંતુ પ્લાસ્ટિક નોટો સરળતાથી ફાટતી નથી.

વોટરપ્રૂફ :- ચોમાસામાં વરસાદના કારણે કે પાણીમાં પલળી જવાથી કાગળની નોટ ખરાબ થઈ જતી હોય છે, જ્યારે પ્લાસ્ટિક નોટ પર પાણી કે ભેજની કોઈ નકારાત્મક

# રજનીકુમાર પંડ્યાનાં આત્મકથાત્મક સંભારણાંના પુસ્તક 'ઝંઝાવાત'નું પ્રકાશન થયું






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**અમદાવાદ, તા. ૧૭ :** રજનીકુમાર પંડ્યાનાં આત્મકથાત્મક સંભારણાંના પુસ્તક 'ઝંઝાવાત'નું પ્રકાશન થયું છે. ૩૭૬ પાનાં અને ૧૬ પાનાંમાં તસવીરો ધરાવતા પુસ્તકનાં ૧૧ પ્રકરણ અર્ધવાર્ષિક 'સાર્થક જલસો'માં પ્રગટ થયાં હતાં. પછીનાં સાત-આઠ પ્રકરણ જેટલું લખાણ (૩૯,૭૦૦ શબ્દો) તેમણે બીમારી પછીની અવસ્થામાં, ગુણવત્તામાં જરાય બાંધછોડ વિના, મોબાઈલ ફોન પર ટાઈપ કરીને લખ્યું અને ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ તેમનું અવસાન થયું, તેના થોડા દિવસ પહેલાં પૂરું કર્યું હતું. સાર્થક પ્રકાશન આયોજિત સમારંભમાં રજનીકુમાર પંડ્યાના ૬૫ વર્ષ જૂના મિત્ર-વિખ્યાત હાસ્યકાર રતિલાલ બોરીસાગર, વાર્તાકાર કિરીટ દૂધાત, લેખક-વિશ્લેષક ચંદુ મહેરિયા તથા લેખક-સંપાદક બીરેન કોઠારી ઉપસ્થિત રહ્યા અને રજનીકુમારના સાહિત્ય-લેખન-જીવનનાં વિવિધ પાસાં વિશે બોલ્યા.

રજનીકુમારનાં દીકરા-જમાઈ-દોહિત્રી તર્જની-ચિરાગ-અનુશ્રીની મંચ પર ઉપસ્થિતિમા પુસ્તક ખુલ્લું મુકાયું. ૬ જુલાઈ ૧૯૩૮ના રોજ જન્મેલા રજનીકુમારના નાટકીયતાથી ભરપૂર જીવનનાં ૧૯૫૭થી ૧૯૮૧ સુધીનાં ૨૫ વર્ષની રોમાંચક કથા આ પુસ્તકમાં સમાવિષ્ટ છે, તેમના મિત્રો વસંત દેસાઈ, વીનેશ પટેલ અને નટુભાઈ અંબાણી સાથેની દોસ્તીના વિવિધ પડાવોનું પણ આલેખન છે.

**પુસ્તક : ઝંઝાવાત : લે. રજનીકુમાર પંડયા, પ્રકાશક : સાર્થક પ્રકાશન અમદાવાદ (મો. ૯૮૨૫૨૯૦૭૯૬), કિંમત : રૂા. ૫૪૦/- મુખ્ય વિક્રેતા : બુકસેલ્ફ (મો. ૯૦૯૯૦૦૦૩૬૨)**

# અષાઢી બીજનું અનેરું મહત્ત્વ ને માનવ મહેરામણ

**સતરંગી શમણાં**



-નીતા પી. જાદવ, રાજકોટ

ગઈ કાલે વરસનો સૌથી અનોખો ઉત્સવઉજવાયો. આ ઉત્સવ માત્ર એક જ દિવસઉજવાયછે અને કેટકેટલા લોકોના જીવનમાં ખુશીઓ અને ભક્તિનો સાગરછલકાવે એ કરામત તો ઈશ્વરસિવાય કોઈ કરી જ ન શકે !કચ્છી સભ્યતા અને સંસ્કૃતિનું આગવું સ્થાન આપણા ઈતિહાસમાં સમાયેલું છે. કચ્છની ભવ્યસંસ્કૃતિ અને વારસો આજે પણગુજરાતની આગવી ઓળખ ઊભી કરવામાં સહાયક બની રહ્યા છે.કચ્છીઓનું નવું વર્ષ એટલે અષાઢી બીજ. નવવર્ષની ઉમંગ અને ઉલ્લાસમાણસના જીવનમાં નવી આશાઓ અને પ્રેરણા સાથેસફળ- સુખી જીવન તરફ આગળ વધવા માટેઈંધણનું કામ કરે છે. બીજી તરફ જગતનો નાથ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ પોતાના ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરયાત્રા કરવા નીકળે ને પોતાના તમામ ભક્તોને દર્શન આપે એ કેટલી મોહક યાત્રા અને ભક્તિમય



દશ્યો !!! જે સામાન્ય માણસ જીવનમાંબે ટંકના રોટલા પાછળ એટલો વ્યસ્તથઈ જાય કે, ઈચ્છવા છતાં પણ મંદિરે ન જઈ શકે, ત્યારે ભગવાન પોતે ભાઈ બહેનસાથેદર્શન આપવા આવે એટલા ઉદાર ભગવાનના દર્શન કરી પાવન થઈ જવાય છે. ભક્તિ અને ઉલ્લાસનો અનોખો સંગમ અષાઢી બીજના દિવસે રથયાત્રામાં જોવા મળે છે.

સનાતન સંસ્કૃતિ એટલી વૈજ્ઞાનિક ઢબે જીવન સાથે સંકળાયેલી છે કે, હજારો વર્ષો પછીપણ એની અસર આપણા જીવન અને તહેવારો પર આજે પણ જોવા મળે છે.

રથયાત્રામાં અપાતો મગ, કાકડી અને જાંબુનો પ્રસાદ ઋતુ-માણે શરીરમાટે ખૂબ ફાયદાકારક સાબિત થાય છે. રથયાત્રાને લોકો નાના મોટા, અમીર - ગરીબ, જાતિ - પાતિના ભેદભાવ ભૂલી ભક્તિના એક રંગે રંગાઈને નાચતા ઝૂમતાઉત્સવ ઉજવેછે. ભક્તિના રંગમાં ચારચાંદ લાગી ગયાહોય એમ બાર બીજનાધણી શ્રીરામાપીરનો પ્રાગટ્ય દિવસ ઉજવાય છે. લીલા નેજાધારી હિંદવા પીરના પરચા કળિયુગમાં ભગવાનની શક્તિનો પરિચય આપે છે.ખાલી રણુજા જ નહિ,ઠેકઠેકાણે રામાપીરના મંદીરે ભક્તોનીભીડ એમની ઊંડીશ્રધ્ધા અને ભક્તિને ઉજાગર કરે છે.

જગતના તાત એવા અન્નદાતા ખેડૂતો માટે અષાઢી બીજ વાવણીની મોસમનું મંગળગીત છે. ખેડૂતો હરખાઈ હરખાઈને ધરતીમાતા અને મેહુલાને ધન્યવાદ કહેતા ગીતો આજે લોકગીત બનીદુનિયાના હોઠે ગવાઈ છે. જગતમાં જેણે જેણે સાચી પ્રીત કરી હોય ને પવિત્રતાથી પ્રેમ કર્યો હોય એવા પ્રેમીઓ માટે અષાઢી બીજ વેલેન્ટાઈન ડે કરતાં વધુ મહત્ત્વની હોય છે.

જેનો પ્રેમવાસના - વિકાર વિનાનો પવિત્રછે એવા પ્રેમીઓ અષાઢી બીજના દર્શન કરી એ બીજના ચંદ્રની સાક્ષીમાંપોતાની લાગણી ને પ્રેમહરખની હેલીમાં ને વિરહની આગમાં એક સાથે ઘોળી દે છે. સાચે એક અષાઢી બીજ માણસના જીવનમાં એક સાથેઅનેક લાગણીઓનું મેઘધનુષ્ય રચીનેમાણસને એના રંગે રંગી નાખે છે.

# અન્ય સમાચારો

ભારતના ચૂંટણી પંચે પ્રથમ અખિલ ભારતીય મીડિયા પરિષદ યોજી

## ચૂંટણી પ્રક્રિયા પારદર્શક હોવી જોઈએ : મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર



**દમણ, તા.૧૭ :** ભારતના ચૂંટણી પંચે આજે તેની પ્રથમ અખિલ ભારતીય મીડિયા પરિષદ-૨૦૨૬નું આયોજન કર્યું. હિતધારકોને જોડવા, લોકશાહીને મજબૂત બનાવવી ચૂંટણીમાં મીડિયાની ભૂમિકૉ થીમ પર આ પરિષદમાં દેશભરના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૮૦ થી વધુ મીડિયા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારતમાં ચૂંટણીઓ બંધારણ, જનપ્રતિનિધિત્વ અધિનિયમ અને ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે જારી કરાયેલા નિર્દેશો અનુસાર હાથ ધરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા વિવિધ હિતધારકો દ્વારા સતત ચકાસણી અને દેખરેખને આધીન છે, જે તેની પારદર્શિતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરે છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે સમજાવ્યું કે દેશની મતદાર યાદી, જેમાં આશરે ૯૫૦ મિલિયન મતદારોનો સમાવેશ થાય છે, એક જીવંત દસ્તાવેજ છે અને સમયાંતરે અપડેટ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયામાં ૧૨ લાખથી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) અને ૧.૫ લાખથી વધુ બૂથ લેવલ એજન્ટ્સ (BLAs) સમાંતર ઓડિટર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમણે જણાવ્યું હતું કે તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં રેકોર્ડ મતદાન ભારતીય મતદારોના લોકશાહી પ્રણાલી અને ચૂંટણી પ્રણાલીમાં વિશ્વાસનો પુરાવો છે. તેમણે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાનમાં સક્રિય ભાગીદારી બદલ દેશભરના તમામ મતદારોનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

આ પરિષદનો ઉદ્દેશ્ય મીડિયાને બંધારણીય જોગવાઈઓ, ચૂંટણી કાયદાઓ, ECINET પ્લેટફોર્મ, ચૂંટણીમાં ટેકનોલોજીનો ઉપયોગ અને ચૂંટણી દરમિયાન મીડિયા નિયમો સહિત ચૂંટણી પ્રક્રિયાના વિવિધ પાસાઓ પર વિગતવાર માહિતી પૂરી પાડવાનો હતો.

## સાપુતારામાં ગાઢ ધુમ્મસ વચ્ચે પ્રવાસીઓનો ધસારો



**સાપુતારા, તા.૧૭ :** ડાંગ જિલ્લામાં વરસાદી વિરામ બાદ ફરી એકવાર ધીમી ધારનો વરસાદ શરૂ થતાં સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત ઝરમર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.હિલ સ્ટેશન સાપુતારામાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં દૃશ્યતા ઘટી હતી. પરિણામે વાહનચાલકોએ હેડલાઈટ અને ઈન્ડિકેટર ચાલુ રાખીને સાવચેતીપૂર્વક વાહનો હંકારવાની ફરજ પડી હતી. સાપુતારા ખાતે વરસાદ અને ધુમ્મસના મનોહર વાતાવરણનો આનંદ માણવા આવેલા પ્રવાસીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.ડાંગ જિલ્લાના સાપુતારા, શામગહાન, બોરખલ, ગલકુંડ, આહવા, લવચાલી, સુબિર, સિંગાણા, બરડીપાડા, કાલીબેલ, ભેંસકાતરી, ઝાવડા, વઘઈ, સાકરપાતળ, ચીંચલી, ગારખડી, પીપલાઈદેવી સહિત પૂર્વ પટ્ટી અને સરહદીય વિસ્તારોમાં શુક્રવારે દિવસ દરમ્યાન ધીમી ધારનો વરસાદ નોંધાયો હતો. ડાંગ જિલ્લામાં વરસાદની મહેરથી ખેતીકાર્યોને પણ વેગ મળ્યો છે. ખેતરોમાં પૂરતો ભેજ મળતા ડાંગ જિલ્લાના ખેડૂતો ડાંગરની રોપણીના કામમાં જોતરાઈ ગયા છે.

મનપા મેયર સહિત પદાધિકારીઓએ વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી

## વાપીમાં પ્રથમ વરસાદ બાદ પાણી ભરાવો અને ગંદકી દૂર કરવા સૂચનો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પ્રથમ વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવા તેમજ ડ્રેનેજ લાઈન ઉભરાવાની સમસ્યાઓ સામે આવતા મનપા તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતિષભાઈ પટેલ તેમજ વિવિધ વિભાગોના ચેરમેનોએ આરોગ્ય પાણી ડ્રેનેજ તેમજ બાંધકામ વિભાગના અધિકારીઓ સાથે શહેરના અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન જ્યાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળી ત્યાં તાત્કાલિક નિકાલ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત ડ્રેનેજ લાઈનમાંથી ગંદુ પાણી રસ્તા પર ન ફેલાય તે માટે પણ સંબંધિત વિભાગોને જરૂરી કામગીરી કરવા આદેશ આપવામાં આવ્યા હતાં.

મનપા દ્વારા આગામી દિવસોમાં વધુ વરસાદ દરમિયાન શહેરમાં પાણી ભરાવા અને ગંદકીની સમસ્યા સર્જાય નહીં તે માટે આગોતરા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. શહેરના તમામ ૧૩ વોર્ડમાં આવેલી સોસાયટીઓ, એપાર્ટમેન્ટો અને રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા, ડ્રેનેજમાં કચરો ન નાખવા તેમજ વરસાદી પાણીના નિકાલમાં સહયોગ આપવા અંગે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ વરસાદી મોસમ દરમિયાન શહેરમાં નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે સતત દેખરેખ રાખવામાં આવશે અને દરેક વોર્ડમાંથી નાગરિકોની આવેલી ફરિયાદો તાત્કાલિક તાત્કાલિક તે વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવશે.

## વલસાડમાં સ્વચ્છતા અભિયાન

**વલસાડ, તા. ૧૭ :** શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે વલસાડ નગરપાલિકા દ્વારા એક વિશેષ અને મહત્વપૂર્ણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મારું વલસાડ, સુંદર વલસાડ - સ્વચ્છ વલસાડ નામના આ વિશેષ અભિયાન અંતર્ગત શહેરના મુખ્ય માર્ગોને ચમકાવવા માટે સફાઈ અને સુશોભનની યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આ મેગા ડ્રાઈવની શરૂઆત વલસાડના વ્યસ્ત એવા અબ્રામા રોડ પરથી કરવામાં આવી હતી. વર્ષોથી રસ્તાની બંને બાજુએ જમા થયેલો કચરો, ધૂળ-માટીના ઢગલા અને નડતરરૂપ ઝાડ-ઝાંખરા સહિતની ગંદકીને દૂર કરવા માટે તંત્ર મોડી રાત્રે મેદાનમાં ઉતર્યું હતું. રાત્રિ દરમિયાન ચાલેલી આ વિશેષ કામગીરીનું વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસર યુવરાજસિંહ વાઘેલાએ સ્થળ પર રૂબરૂ પહોંચીને નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે સેનેટરી ઈન્સ્પેક્ટર, બાંધકામ વિભાગના એન્જિનિયર અને આરોગ્ય સમિતિના ચેરમેન સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સમીક્ષા માટે ઉપસ્થિત રહ્યા હતાં.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM SOMA/SOMA RAUT/ SOMABHAI JANKIYABHAI RAUT TO NEW NAME SOMABHAI JANKYABHAI RAUT AS PER DOCUMENTS

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME SOMABHAI JANKIYABHAI RAUT TO NEW NAME SOMABHAI JANKYABHAI RAUT AS PER DOCUMENTS

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM NUTANBEN RAUT/ NUTANBEN TO NEW NAME NUTANBEN SOMABHAI RAUT AS PER DOCUMENTS

### NOTICE INVITING TENDER

Name of work :- "Construction fo New Entrance Gate & Security Cabin at Velugam In Dadra & Nagar Haveli"

Tender Notice No. : 07 of 2026-27
On line downloading start of tender documents : 16.07.2026 09.00 Hrs
Pre Bid Meeting : ----
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 24.07.2026 14.00 Hrs
Online Opening of Technical Bid : 24.07.2026 15.30 Hrs
On line opening of Price Bid : 24.07.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8157_1
Outward No. :3-2(18)/PWD.II/Road/520-dt:16.07.2026

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

NO.: IP/DMN/2/5/2026-27/320 DATED :17/07/2026

### NOTICE INVITING TENDER

Name of work :- "Construction fo Security Cabin & Allied Work at Entrance Gate in South & North Zone, DNH."

Tender Notice No. : 07 of 2026-27
On line downloading start of tender documents : 16.07.2026 09.00 Hrs
Pre Bid Meeting : ----
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 24.07.2026 14.00 Hrs
Online Opening of Technical Bid : 24.07.2026 15.30 Hrs
On line opening of Price Bid : 24.07.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8156_1
Outward No. :3-2(18)/PWD.II/Road/520-dt:16.07.2026

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

NO.: IP/DMN/2/5/2026-27/319 DATED :17/07/2026

No.BBA-POLY/MBA&B.Pharm (SSR)/2026-27/291
Dated: 17/07/2026

### ADVERTISEMENT

The Principal of Dr. B.B.A. Government Polytechnic, Karad, (Silvassa), invites applications for Admission to MBA & B. Pharmacy Courses at S.S.R. College, Sayli for the year 2026-27 against the reserved quota seats. The detail of advertisement will be available on official website:- www.dnh.gov.in, www.drbbagpks.org &
Start date: 22/07/2026 from 10:00 AM
End date: - 05/08/2026 upto 5:00 PM

- Sd-
(Lalit V. Solanki)
Principal
Dr. B.B.A. Govt. Polytechnic Karad(Silvassa)

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

NO.: IP/DMN/2/5/2026-27/334 DATED :17/07/2026

No.MAM/KNVL/RBD-DNH/48/2025/1936 Dated: 23/04/2025

**APPLICANT- Satya Prakash Sharma, Presently residing at- Bavisa Faliya, Umarkui road, Silvassa, DNH. Mo.7984309219**

V/S

**OPPONENTS - Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Satya Prakash Sharma's son namely Shivansh Sharma, who was born on 04/05/2015 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Shivansh Sharma. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૬૫/૨૦૨૬

**અરજદાર : જીજ્ઞેશ અંબેલાલ દરજી,**
રહે. માધવ રેસીડેન્સી, પારડી સાંઢપોર,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સાંઢપોર, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જીજ્ઞેશ અંબેલાલ દરજી,** રહે.માધવ રેસીડેન્સી, પારડી સાંઢપોર, તા.જી.વલસાડએ તેમના પિતા **અંબેલાલ જીવણજી દરજીનું** મરણ તા.૦૬-૦૪-૨૦૨૧ના રોજ મોજે. સાંઢપોર, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૬૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૩૮૯/૨૦૨૬

**અરજદાર : માહી રામજી ભાવર તે કાવ્યા નવસા રયાતની પુત્રી**
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. સી.આર. દુબળા)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, અંકલાસ**
**ગ્રામ પંચાયત કચેરી અંકલાસ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **માહી રામજી ભાવર** રહે. દપાડા, દાદરા નગર હવેલીએ તેમના પરદાદી **દેવકીબન વેસ્તાભાઈ રયાતનું** જન્મ/મરણ તા.૧૪-૦૧-૧૯૮૦ના રોજ મોજે - અંકલાસ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/૨.જી.નં.૩૮૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### -: જાહેર નોટિસ તથા કાનૂની ચેતવણી :-

વલસાડ આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જાણ કરવાનું કે ડિસ્ટ્રીક્ટ વલસાડના સબ-ડિસ્ટ્રીક્ટ વાપી તાલુકાનાં મોજે મહાનગરપાલિકા વાપીની હદમાં આવેલ બલિઠા ગામના રેવન્યુ રેકર્ડ દફતરે નોંધાયેલ બિનખેતી હેતુ માટેની બીનખેતીની જમીન જેનો ખાતા નં.૧૩૮૪, જેનો જૂનો સર્વે નં.૧૫૫/૧, નવો સર્વે નં.૩૬૪ તથા સીટી સર્વે નંબર - NA૩૬૪, જેનું કુલ્લે ક્ષેત્રફળ ૨૪૧૯.૦૦ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બીનખેતીની ખુલ્લી જમીનવાળી મિલકત તથા તેમાં જાવ આવ કરવાના રસ્તાના વપરાશના હક્કો તથા તેને લગતા, લાગતા, વળગતા હક્કો તથા સુખાધિકારો સહિતની મિલકત વાળી (૧) શ્રી કાંતીભાઈ વીસનજી ગડા તથા (૨) શ્રી અરવિંદ ભવાનજી શાહનાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ તેઓની માલિકીની તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ વાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી હમારા અસીલોને તારીખ ૦૭/૦૬/૨૦૨૪ના રોજ કાયદેસરના વેચાણ કરારના રૂએ અવેજ પેટે મસમોટી રકમ સ્વીકારીને વેચાણ આપેલ. જે વેચાણ કરાર કાયદેસર રીતે નોટરી કરવામાં આવેલ. જે અંગેની નોટીસ હમારા અસીલો દ્વારા તારીખ ૧૯/૦૬/૨૦૨૪ના રોજ દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાન પત્રમાં આપેલ ત્યારબાદ સદરહુ મિલકતના માલિકોએ સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો પણ હમારા અસીલોને સોંપેલ છે. જેથી સદરહુ મિલકતમાં હમારા અસીલોએ સદરહુ મિલકતને બીનખેતી કરવી તે અંગેનો તમામ ખર્ચ, તથા જમીનમાં ભરણી કરીને સમથળ બનાવી, કમ્પાઉન્ડ વોલ કરવાનો પણ તમામ ખર્ચ પણ કરેલ છે.

હાલમાં હમોને જાણવા મળેલ છે કે, સદર મિલકતના માલીકોની દાનત બદ થતાં હમોને વેચાણ આપેલ મિલકત અન્ય ત્રાહિત શખ્સને ટ્રાન્સફર કે તબદીલ કે અન્ય રીતે આપવાની તજવીજ કરી રહેલ છે. તેમ કરવાનો તેમને કોઈપણ હક્ક કે અધિકાર નથી, કારણ કે સદરહુ મિલકતમાં હમારા અસીલોનું સંપૂર્ણ હિત સમાયેલ છે વધુમાં જણાવવાનું કે, સદર મિલકતના વેચાણ કરારના વિશિષ્ટ પાલન માટે હમારા અસીલોએ સદર જમીનના માલિકો વિરૂદ્ધ નામદાર વાપી કોર્ટમાં તારીખ ૧૩/૦૭/૨૦૨૬ના રોજ એક દાવો પણ દાખલ કરી દીધેલ છે, જેનો દાવા નંબર SPCS-૧૬/૨૦૨૬ છે જે હાલમાં પડતર છે.

આથી સદર જમીન અંગે કોઈએ પણ અમારા અસીલોની લેખીત સંમતિ વિના અન્ય કોઈ પણ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં કે સદરહુ જમીન કોઈપણ પ્રકારનાં તબદીલી વ્યવહારથી વેચાણ રાખવી નહીં જેની આ જાહેર નોટીસ રૂએ ગંભીર નોંધ લેવી. જે સંજોગોમાં સદરહુ જમીન કે તેનો કોઈપણ ભાગ મારા અસીલોની લેખીત સંમતિ વિના વેચાણથી કે અન્ય રીતે તબદીલ કરવામાં આવે તો તે અંગે હમારા અસીલોનો સખત વાંધો હોય, તો મજકુર જમીન કોઈએ પણ વેચાણ કે અન્ય તબદીલીના વ્યવહારથી ખરીદ કરવી, કરાવવી નહીં, અને જો કરશે તો તેવા તબદીલીના વ્યવહારથી જમીનના કોઈ હક્કો જમીનની તબદીલીનો વ્યવહાર કરાવનારને પ્રાપ્ત થશે નહી, તેમજ મજકુર જમીન અંગેનો તેવો તબદીલીનો વ્યવહાર હમારા અસીલોને બંધનકર્તા રહેશે નહીં, તેમજ તેવો વેચાણ વ્યવહાર કાયદામાં રદ બાતલ તેમજ નિરર્થક નિવડશે. વધુમાં, આ નોટિસની અવગણના કરીને જો કોઈ પણ ઈસમ સદર જમીન ખરીદશે કે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરશે, તો કોર્ટ-કચેરીની કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે અને તેમાંથી ઉદ્ભવતા તમામ જોખમ, ખર્ચ અને પરિણામોની સઘળી જવાબદારી સંપૂર્ણપણે તેમના શિરે રહેશે જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તા.૧૮/૦૭/૨૦૨૬**
**સરનામું : ૨૦૧, ભાનુજ્યોત કોમ્પ્લેક્ષ, પંચરત્ન કોમ્પ્લેક્ષની પાછળ, ચાર રસ્તા, જીઆઈડીસી, વાપી, તા.વાપી, જી.વલસાડ**
**મોબાઈલ નં. ૯૮૯૮૬ ૧૫૪૫૭**

**લિ.**
**સહી/-**
**એડવોકેટ શ્રી કે.આર. ભદ્રા**
**તે શ્રી લાલચંદ લીલાધર ભાનુશાલી અને શ્રી જીતેશ જેરામભાઈ ભાનુશાલીના એડવોકેટ**

No.MAM/KNVL/RBD-DNH/180/2026/962 Dated: 14/07/2026.

**APPLICANT - SHRI AGUSTI NATTHU KADALI**
**R/o. Vanganpada, Shelti, DNH**
**Mob.: 7698808669**

V/S

**OPPONENTS Registrar of Birth & Death, Rudana.**

**NOTICE**

TThe public to take note that applicant Shri Agusti Natthu Kadali, R/o. Vanganpada, Shelti, DNH has applied for registration of the birth of his daughter namely Visika Agusti Kadali, D/o. Pintu Agusti Kadali, who was born on 22/05/2022 at Vanganpada, Shelti, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Khanvel.

Therefore, the applicant has requested to issue an order to register birth of his daughter namely Visika Agusti Kadali, D/o. Pintu Agusti Kadali.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli, Khanvel.**

### જાહેર નોટીસ

**મે.ચીખલીના પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ચીખલી**

**રે.દિ.મુ.નં.:૬૧/૨૦૨૪**
**ઠરાવ તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**વ.શ્રી. વાય. પી. ભટ્ટ**

**વાદી : (૧/૧) ડાહીબેન તે છગનભાઈ વજીરભાઈની પત્ની**
**હાલ રહે. દાદરી ફળીયા, સીયાદા, તા.ચીખલી, જી.નવસારી**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી : (૭/૩) ભીખીબેન તે બાબરભાઈ વજીરભાઈની પુત્રી અને મનુભાઈ પટેલની પત્ની**
**રહે.સાદડવેલ, નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી**

આ દાવાના વાદીએ ઉપરોક્ત જણાવેલ રે.દિ.મુ.નં. નંબર ૬૧/૨૦૨૪ના દાવો નામદાર કોર્ટમાં પ્રતિવાદીઓ સામે દાવો : દાવાવાળી મિલકતોની વહેંચણનો તથા હિસ્સો આવતી મિલકત હદ-હદથી છુટી પાડવાનો તથા કાયમી યાને જાથુકની મનાઈ મેળવવાનો હુકમ વિગેરે મેળવવા બાબતનો અરજ કરેલી છે. તમો પ્રતિવાદી નં.(૭/૩) સદર દાવામાં જણાવેલ તમારા સરનામે નામદાર કોર્ટના પ્રોસેસ બેલીફ મારફત બજાવવા જતા પ્રોસેસ તમોને બજતા નથી. જેથી તમોને દૈનિક સમાચાર પત્ર દ્વારા નામદાર કોર્ટના પ્રોસેસની બજવણી જાહેર રીતે કરવામાં આવેલ છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તારીખ ૨૨/૦૭/૨૦૨૬ રાખવામાં આવેલ છે. જેથી તે દિવસે તમોએ જાતે અગર વકીલશ્રી મારફતે સવારે ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં ચીખલી હાજર રહેવું. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદર ઉપરોક્ત નંબરના દાવાની આગળ કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૨મી માહે જુલાઈ સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | રજીસ્ટ્રાર |
| પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ ચીખલી | પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ ચીખલી | પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ ચીખલી |

TORRENT POWER | DNHDD

### વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૦/૦૭/૨૦૨૬ સોમવાર | વાઘધારા | ૬૬/૧૧ કેવી પાવર ટ્રાન્સફર નં.૨ | ઝીરો ટેક્સ વિસ્તાર, ચેક પોસ્ટ વિસ્તાર, મ્યુચ્યુઅલ ઈન્ડ. વિસ્તાર, પાર્થ આઈ.ઈ. વિસ્તાર, ડુગ્ગર ચેક પોસ્ટ, વાઘધારા ગામ, તિઘરા ગામ, બાવીસા ફળિયા, હોટેલ એક્સેલન્સી વિસ્તાર, હોટેલ લેક વ્યૂ વિસ્તાર, આનંદ સ્કૂલ વિસ્તાર, ડોર્ફ કેટલ વિસ્તાર, લિસા ઈન્ડ. વિસ્તાર, નોવા-૨, પાર્થ ઈન્ફ્રા **એક્સપ્રેસ ફીડરઃ** નેશનલ ફાઈબર એક્સપ્રેસ ફીડર |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.


**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસકાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Saturday 18, July 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## ઓઝરમાં યુવકે ફાંસો ખાધો

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ તાલુકાના ઓઝર ગામના ખાડી ફળિયામા આશાસ્પદ યુવક જીગ્નેશભાઈ મોહનભાઈ પટેલ ઉં.વ. ૩૫ મૃતક યુવક કચીગામના પારસી ફળિયાનો રહે છે.જીગ્નેશભાઈએ કોઈ અગમ્ય કારણોસર ઓઝર ગામના ખાડી ફળિયામાં આવેલા ખેતરમાં જઈ આંબાના ઝાડ સાથે દોરડું વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવતા સ્થાનિક લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી ગયા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૩૫ વર્ષના યુવકના અકાળે અવસાનથી પરિવાર સહિત કચીગામ પારસી ફળિયામાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

## ડુંગરાથી ઝડપાયેલ આંતરાષ્ટ્રીય કોલ સેન્ટરના મુખ્ય સૂત્રધારને હરિયાણાથી ઝડપ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વલસાડ જિલ્લા SOG પોલીસે ડુંગરા પોલીસ મથકમાં નોંધાયેલા આંતરાષ્ટ્રીય સ્તરના ગેરકાયદેસર કોલ સેન્ટર કેસના મુખ્ય સૂત્રધારને હરિયાણાના રોહતકથી ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ તા.૧૭/૦૫/૨૦૨૫ના રોજ હરિયા પાર્ક, શ્રી એલ.જી. હરિયા સ્કૂલ સામે આવેલ બંગલા નં.૪૩માંથી આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટર ઝડપી પાડવામાં આવ્યું હતું. જેમાં ૧૧ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. આ કોલ સેન્ટર વાય-ફાય કોલીંગ અને ઈન્ટરનેટના માધ્યમથી વિદેશી નાગરિકોનો સંપર્ક કરી સર્વર પ્રોવાઈડર તથા ગીફ્ટ કાર્ડ રીડીમ કરાવી છેતરપિંડી કરતું હતું. આ કેસની તપાસ દરમિયાન SOG વલસાડના PI ડી.ડી.પરમાર, PSI એસ.આર.સુસલાદે અને ટીમે ૧૦૦૦થી વધુ IP એડ્રેસનું એનાલીસ અને ટેકનિકલ ડેટા ચકાસી મુખ્ય સૂત્રધારનું લોકેશન ટ્રેસ કર્યું હતું. જેના આધારે ટીમે સતત દિલ્હી હરિયાણામાં ત્રણ દિવસ સુધી સખ્ત મહેનત કરી વોચ ગોઠવી હતી જે બાદ હરિયાણાના રોહતક ખાતેથી મુખ્ય આરોપી યુવરાજ સુરેન્દ્રકુમાર સલૂજા ઉ.વ.૩૩ રહે. ૭૪/સી, જંગ કોલોની, સિવિલ લાઇન, રોહતક અને ૫૨૧, વોર્ડ નં.૧૪, ગુરુનાનકપુરા, રોહતકને ઝડપી પાડ્યો છે.પકડાયેલ આરોપી વિદેશી નાગરિકોને વાય-ફાય કોલીંગ દ્વારા ફસાવી સર્વર અને ગીફ્ટ કાર્ડના નામે રૂપિયા પડાવતો હતો. આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે વાપી GIDC પોલીસને સોંપવામાં આવ્યો છે. આ કામગીરીમાં PI ડી.ડી.પરમાર, PSI એસ.આર. સુસલાદે, હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ ધરમશીભાઈ, ઉર્વિશ ચંદ્રજીતભાઈ અને IT એક્સપર્ટ પ્રિતેશકુમાર પટેલ સહિતની ટીમ જોડાયેલી હતી.

## મોટી ઢોલડુંગરીમાં ફરી દીપડાની દહેશત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૭ :** ધરમપુર તાલુકાના મોટી ઢોલડુંગરી ગામમાં ગત રાત્રે અંદાજે ૧:૩૦ વાગ્યે દીપડો જોવા મળ્યાની ઘટનાએ સમગ્ર ગામમાં ફરી એકવાર ભયનો માહોલ સર્જ્યો છે. મળતી માહિતી મુજબ દીપડો નિશાળ ફળિયાથી દુકાન ફળિયા તરફ જતાં માર્ગ પર જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં ગ્રામજનોમાં ચિંતા વ્યાપી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ અગાઉ નાની ઢોલડુંગરી ગામમાં દીપડાના હુમલામાં એક મહિલા ઈજાગ્રસ્ત બની હતી. ત્યારબાદ રાત્રિના સમયે એક મોટરસાયકલ ચાલક પર પણ હુમલો કરવાનો પ્રયાસ થયાની ઘટના સામે આવી હતી. સતત બની રહેલી આવી ઘટનાઓને કારણે સમગ્ર વિસ્તારમાં લોકોમાં ભય ફેલાયો છે. ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ દીપડાને વહેલી તકે પકડવા માટે અસરકારક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ મામલાને ગંભીરતાથી લઈ વન વિભાગે નાની ઢોલડુંગરી સહિત આસપાસના વિસ્તારમાં કુલ પાંચ પાંજરાં ગોઠવી દીપડાને પકડવાની કામગીરી શરૂ કરવામાં આવતા વન વિભાગના જણાવ્યા મુજબ, રાત્રિ દરમિયાન ગોઠવાયેલા પાંચ પાંજરાં પૈકી બે અલગ-અલગ પાંજરામાં દીપડાના બે બચ્ચાં ઝડપાયા હતા. બચ્ચાં ઝડપાતા ગ્રામજનોમાં થોડી રાહતની લાગણી જોવા મળી હતી. જોકે મુખ્ય દીપડાની શોધખોળ અને તેને પકડવાની કામગીરી હજુ પણ વન વિભાગ દ્વારા સતત ચાલુ રાખવામાં આવી રહી છે.

## કપરાડામાં તમાકુ નિયંત્રણ હેઠળ ચેકિંગ, ૨૬ દુકાનદારને રૂા. ૫૨૦૦નો દંડ

**વલસાડ, તા. ૧૭** કપરાડા તાલુકામાં આજુબાજુના વિસ્તારમાં ટાસ્ક ફોર્સ દ્વારા આજ રોજ આકસ્મિક ચેકિંગ દરમ્યાન ૨૬ દુકાનદારો પાસેથી રૂપિયા ૫૨૦૦/- રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

સરકારના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કલેકટરશ્રી વલસાડની અધ્યક્ષતામાં બનાવેલી ટાસ્ક ફોસમાં વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ અને ફુડ અને ડ્રગ્સ વિભાગ સાથે મળી કપરાડાનાં આજુબાજુના વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા, પાર્લર કુલ ૨૬ કેસ અને રૂપિયા ૫૨૦૦/- રકમનો દંડ વસુલ કરવામાં



આવ્યો હતો. ઉપરોક્ત કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ ,એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગમાંથી એ.એસ.આઈ એ.બી. ઠાકુર, ફુડ અને ડ્રગ્સ વિભાગમાંથી કે.એ. પટેલ અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર સુમિત્રાબેન બાગુલ અને સોશિયલ વર્કર એ.એ.પટેલ ટીઆઈઈસીઓ રમણભાઈ ચૌધરી હાજર રહી સફળપુર્વક કામગીરી કરવામાં આવી હતી.

## કપરાડામાં ઝેરી સાપના ડંખથી બાળકીનું સારવાર દરમિયાન મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૧૭ :** કપરાડા તાલુકામાં ઝેરી સાપના ડંખથી પાંચ વર્ષની માસુમ બાળકીનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ કપરાડા તાલુકાના બિલોનીયા ફળિયામાં રહેતા વિષ્ણુભાઈ રઘાભાઈ કીરકરની પાંચ વર્ષની પુત્રી વિધ્યાબેન પોતાના ઘર નજીક આવેલા ખેતરમાં ફળિયાના અન્ય બાળકો સાથે રમતી હતી. તે દરમિયાન અચાનક કોઈ ઝેરી સાપે તેના જમણા પગની એડી પાસે ડંખ માર્યો હતો.

બાળકીને સાપે ડંખ માર્યાની જાણ થતાં પરિવારજનો તાત્કાલિક તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. તબીબોએ બાળકીને બચાવવા માટે પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેનું દુઃખદ અવસાન થયું હતું. આ ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે, જ્યારે ગામમાં પણ ગમગીનીનો માહોલ છવાયો છે.

ઘટના અંગે કપરાડા પોલીસ મથકે અકસ્માત મોત અંગેની નોંધ કરવામાં આવી છે. પોલીસે સમગ્ર ઘટનાની વિગતો એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી છે. કેસની વધુ તપાસ એએસઆઈ ગૌતમભાઈ કાળુભાઈ કરી રહ્યા છે.

ચોમાસાની ઋતુ દરમિયાન ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં ઝેરી સાપોની અવરજવર વધતી હોવાથી ગ્રામજનોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી રહી છે. બાળકોને ખુલ્લા ખેતરોમાં રમવા મોકલતી વખતે વાલીઓએ વિશેષ ધ્યાન રાખવું તેમજ સાપના ડંખ જેવી ઘટના બને તો વિલંબ કર્યા વિના નજીકની આરોગ્ય સંસ્થામાં સારવાર માટે પહોંચવું જરૂરી હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા પણ જણાવવામાં આવે છે.

## ગણદેવી સુગરની ચૂંટણીમાં કુલ ૧૬ બેઠકો માટે ૮૭ દાવેદારો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૭ :** ચીખલી પ્રાંત કચેરી એ ગણદેવી સુગર ફેકટરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની ચૂંટણી નામાંકન ભરવાનાં અંતિમ નિર્ધારિત સમય સુધીમાં ચૂંટણી વાંચ્છુંકો એ ઉમેદવારી નોંધાવતા કુલ આંક ૮૭ ઉપર પહોંચ્યો હતો. ઉમેદવારો એ ઢોલ નગારા, ટ્રેકટર સહિત વાહન રેલીઓ યોજી પોતાનો દાવો ઠોકયો હતો. આ ઉપરાંત સહકાર પેનલ અને સમન્વય પેનલ તેમજ અપક્ષ દાવેદારો નો રાફડો ફાટ્યો હતો. અનેક સહકારી અગ્રણીઓ એ પોતાની દાવેદારી નોંધાવી હતી. જેને પગલે સુગર નાં રાજકારણ માં ગરમાટો વ્યાપી ગયો હતો. ઉમેદવારી નોંધાવવા અગાઉ અનેક દાવેદારો એ પોતાના સમર્થકો સાથે બેઠકો યોજી હતી.હવે ડોર ટુ ડોર પ્રચાર નો પ્રારંભ કર્યો છે. જેમાં આક્ષેપ પ્રતિ આક્ષેપ શરૂ થતાં રાજકારણ માં ગરમાટો વ્યાપી ગયો છે. હવે શનિવારે ઉમેદવાર નાં ફોર્મ ચકાસણી બાદ આગામી ૨૧ થી ૨૩ સુધીમાં ઉમેદવારી પરત ખેંચવા નાં નિર્ધારિત સમય બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. સહકાર પેનલ અને સમન્વય પેનલ ની ગણતરી માં અપક્ષ ઉમેદવાર કેવો ભાગ ભજવે એ જોવું રહ્યું.

## ખાંભડામાં કંટ્રોલ સંચાલકને ગેરરિતીના કેસમાં ૫ વર્ષની સખત કેદ અને દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૭ :** ખાંભડા ગામે પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર સસ્તા અનાજની દુકાન ચલાવતા પ્રવીણ ગુલાબ પટેલ દ્વારા ગરીબો માટે આપવામાં આવતું અનાજ જેમાં ઘઉં, ચોખા, કેરોસીન જે ગરીબોને રેશનકાર્ડ ઉપર વિતરણ કરવાને બદલે ખુલ્લા બજારમાં ઊંચા ભાવે વેચી મારવા માટે પરવાનામાં જણાવેલ સ્થળ સિવાય અન્ય સ્થળે સંગ્રહ કરવામાં આવતો હોવાની ફરિયાદ વહીવટી તંત્રને થઈ હતી જે ફરિયાદના આધારે ચીખલી તાલુકા મામલતદારે તારીખ ૨૪.૭.૧૩ ના રોજ ખાંભડા ગામે જઈ રેડ પાડતા અનાજની દુકાન ધરાવતા સંચાલક પ્રવીણ ગુલાબ પટેલે ઘઉં, ચોખા અને કેરોસીનનો જથ્થો અન્ય જગ્યાએ સંગ્રહ કરાતા જે અધિકારીઓએ પકડી પાડ્યો હતો. ત્યારબાદ વધુ તપાસ કરી પકડાયેલ અનાજનો જથ્થો રૂપિયા ૩૨.૨૨૫ નો જથ્થો સરકારી હોવાનું બહાર આવતા તા.૧૨.૮.૧૩ના રોજ પ્રવીણ ગુલાબ પટેલ સામે ચીખલીના મામલતદાર યુ.ડી. મૈસુરિયા દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી જે કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતાં કોર્ટના જજ એસ.પી.દવએ સરકારી વકીલ યોગેશભાઈ પટેલની ધારદાર રજૂઆતોને ધ્યાનમાં રાખીને સસ્તા અનાજની દુકાન ધરાવતા સંચાલક પ્રવીણ ગુલાબ પટેલને પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂા. ૫૦,૦૦૦નો દંડ અને જો દંડ ભરવામાં કસુરવાર થાય તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કર્યો છે.

## વાપીના આશાધામ સ્કૂલ પાસે બાઈક ચાલકે બે યુવકને ટક્કર મારતા ઈજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વાપીના ગુંજન-મોદાલનગર રોડ પર આવેલ આશાદામ સ્કૂલના ગેટ પાસે બેફિકરાઈથી બાઈક હંકારતા એક યુવકે ટક્કર મારતા બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

વાપીના કબ્રસ્તાન રોડ, ફહીમ એપાર્ટમેન્ટમાં રહેતા ફરિયાદી નદીમ અસગર શેખ ઉ.વ.૩૧એ વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું કે તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યાના સુમારે તેઓ તેમના મિત્ર કાદરભાઈ કાસમભાઈ કચરા સાથે બજાજ કંપની ફ્રીડમ મોટરસાયકલ નં.GJ-15-EL-9584 લઈને મોદાલનગરથી ગુંજન તરફ જઈ રહ્યા હતા.

**નશાની હાલતમાં બાઈક ચલાવી પાછળથી જોરદાર ટક્કર, પોલીસે આરોપીને ઝડપ્યા**

આ દરમિયાન કોપરલી રોડ તરફથી પાછળથી આવતા KTM Duke મોટરસાયકલ નં.GJ-15-EC-4342ના ચાલકે બેફિકરાઈથી અને વધુ પડતા નશાની હાલતમાં વાહન હંકારીને ફરિયાદીની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ફરિયાદી નદીમને ડાબા પગ અને પીઠના ભાગે ઈજા થઈ હતી. જ્યારે મિત્ર કાદરભાઈને ડાબા પગ, જમણા હાથ અને દાંતના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસને જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી KTM ચલાવનાર ઈસમને તથા તેની સાથે બાઈક પર બેઠેલી મહિલાને ઝડપી પાડી વાપી ટાઉન પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીનું નામ અનુજ રાકેશ યાદવ ઉ.વ.૨૪ રહે.તુલસીપાર્ક, છીરી, ડુંગરા, વાપી હોવાનું ખુલ્યું છે. આરોપી નશાની હાલતમાં હતો અને પોતાના શરીરનું સંતુલન પણ જાળવી શકતો ન હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પારનેરા ગામે બિલ્ડર માટે સરકારી જમીન પર રોડ પહોળો કર્યાની રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૭ :** વલસાડ તાલુકાના પારનેરાના મુખ્ય રસ્તા પર આવેલ અશોક વાટિકાથી સ્વસ્તિક વિલા તરફ જતા માર્ગ પર આવેલી સરકારી ગૌચર જમીન સર્વે નંબર ૩૧૦ અને ૩૧૧ માં એક ખાનગી બિલ્ડરને કરોડો રૂપિયાનો ફાયદો કરાવી આપવાના આશયથી, સ્થાનિક તંત્ર અને રહીશોની જાણ બહાર બળજબરીપૂર્વક રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરાતાં કલેકટર અને ગ્રામ પંચાયતમાં લેખિત ફરિયાદ કરી છે.



જાગૃત નાગરિક દ્વારા ગ્રામ પંચાયત, કલેકટરમાં લેખિત રજૂઆતઆ ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે પારનેરાના જાગૃત નાગરિક વિરેન્દ્રભાઈ વિનોદભાઈ શોભા દ્વારા પારનેરા પારડી જૂથ ગ્રામ પંચાયતમાં સરપંચ અને તલાટી-કમ-મંત્રીને સંબોધીને એક લેખિત અરજીમાં જણાવ્યા અનુસાર, અશોકવાટીકાથી સ્વસ્તિક વિલા તરફ જતા રસ્તા પર ખેડૂતોને પૂછ્યા વગર પોતાની જમીનમાં આવેલી વાળ તોડી પાડીને ગેરકાયદેસર ખોદકામ શરૂ કરી દેવાયું છે. આ રસ્તો કઈ પંચાયતની ગ્રાન્ટમાંથી બની રહ્યો છે અને સરકારી કે ગૌચર જમીન પર કયા નિયમો હેઠળ બનાવવામાં આવી રહ્યો છે તેની સંપૂર્ણ તપાસ કરી કામ તાત્કાલિક ધોરણે બંધ કરાવવા માંગ કરવામાં આવી છે. આ સમગ્ર મામલે ગ્રામ પંચાયતમાં લેખિત ફરિયાદ થતાં જ પારનેરા પારડી ચીચવાડા જૂથ ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રી દ્વારા તાત્કાલિક અસરથી સંબંધિત જમીન માલિક ને કાયદેસરની નોટિસ ફટકારીને દિન-૩ માં ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે લેખિત ખુલાસો માંગ્યો છે. જોકે પારનેરા પારડી ચિચવાડા જૂથ ગ્રામપંચાયતે સ્થાનિક લોકોની ફરિયાદોના આધારે ગત ૪ જુલાઈ અને ૧૫ જુલાઈએ પંચાયત દ્વારા જાહેર નોટિસ આપવામાં આવી હતી પરંતુ આ નોટિસમાં કોઈના પણ નામ જોગ આપવાને બદલે માત્ર એક વીજળીના થાંભલા પર ચોંટાડી દેવામાં આવી હતી. સરકારી નિયમો અનુસાર વહીવટી નોટિસ આપવાની સત્તા તલાટી કમ મંત્રીની હોય છે પરંતુ આ જાહેર નોટિસ તલાટીના બદલે સીધી સરપંચ દ્વારા આપવામાં આવતા પંચાયતના વહીવટ સામે અનેક સવાલો ઊભા થયા છે.

### ડાંગ ઇકો ટુરિઝમ : સહ્યાદ્રિની ગોદમા, પ્રકૃત્તિની નિરવ શાંતિનો અહેસાસ

## મહાલના સીમાડે કિલાદની ઈકો કેમ્પ સાઈટ્સ ચોમાસામાં પ્રવાસીઓનું આકર્ષણ

**મનોજ ખેંગાર દ્વારા**

સહ્યાદ્રિની ગોદમા પ્રકૃતિની નિરવ શાંતિ ઝંખતા હો, તો આપના માટે ડાંગ જિલ્લાના ઈકો ટુરિઝમનો અહેસાસ ન ભૂતો, ન ભવિષ્યતિ સાબિત થઈ શકે છે.

ખાસ કરીને ચોમાસાની ભીની ભીની ઋતુ, અને શિયાળાની ઠંડી ઠંડી મોસમમા ડાંગ જિલ્લાની વનરાજી જ્યારે નવપલ્લવિત થઈ જાય છે ત્યારે, ડાંગની એ લીલીછમ્મ પ્રકૃતિને મન ભરીને માણવાનો અવસર પણ ખડો થઈ જતો હોય છે.

મદમસ્ત વરસાદી માહોલમા ડાંગની વનરાઈઓમા ઠેર ઠેર નાના મોટા ઝરણાઓનુ સંગીત ગુંજી ઉઠે છે. પર્વતોની ટોચેથી નીચે ખાબકતા, અને રૌદ્ર રમ્ય અહેસાસ કરાવતા શ્વેત દુગ્ધધારા જેવા જળ-પાત, પર્વતોની ટોચને હળવેકથી આલિંગન આપતી શ્વેત શ્યામ વાદલડીઓ, ધૂમ્રસેર સમી ભાસતી અને જાણે કે પોતાના પ્રિયતમને વનરાજીમા શોધતી એકલી અટુલી અટવાતી એ વાદલડીઓ જેહનને અનોખી શાંતતા પ્રદાન કરે છે. આવા મનમોહક દ્રશ્યો અહીં છેક આથમતા શિયાળા સુધી નજરે પડતા હોય છે.

ખળખળ વહેતા નદીનાળા, ચોમાસામા ગાંડીતુર અને શિયાળામા અતિ શાંત બનીને વહેતી લોકમાતા અંબિકા, ખાપરી, ગીરા, અને પૂર્ણા સમગ્ર પ્રદેશને ભીનો ભીનો માહોલ પ્રદાન કરે છે.

પ્રકૃતિના આ અનમોલ નજારાને



માણવો હોય તો તમારે ડાંગના ડુંગરા ખૂંદવા પડે, અહીં નિરાંતે રાતવાસો કરવો પડે.

પૃથ્વી પરના સ્વર્ગસમા કાશ્મીર કે ગોડ્સ ઓન કન્ટ્રી તરીકે ઓળખાતા કેરાલાની ગરજ સારતા ડાંગ -દેશને નજીકથી નિહાળવા માટે, હંમેશને માટે પ્રકૃતિપ્રેમીઓની કતાર લાગતી હોય છે. ત્યારે પર્યટકો તેમના આ પ્રવાસને જીવનભરનુ સંભારણું બનાવી શકે તે માટે, સ્થાનિક વન વિભાગ તેમની વ્હારે આવ્યુ છે.


સ્થાનિક રોજગારીના સર્જન સાથે પર્યટકોને પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાની તક ઉપલબ્ધ કરાવવાના હેતુસર ડાંગ વન વિભાગે અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમા આવેલી તેની ત્રણ ઈકો કેમ્પ સાઈટને નવા વાઘા પહેરાવી પ્રવાસીઓની સેવામા પ્રસ્તુત કરી છે. આ સાથે જ આહવાથી ૩૨ કિલોમીટરના અંતરે આવેલી મહાલ, આહવાના સીમાડે માંડ ૭ કિલોમીટરના અંતરે આવેલી દેવીનામાળ અને ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ પાસે આવેલી કિલાદ ખાતેની ઈકો કેમ્પ સાઈટ્સ ખાતે પ્રવાસીઓને રહેવા, જમવાની સુવિધાઓ સાથે પ્રકૃતિની નિરવ શાંતિનો અહેસાસ કરવાની તક ઉપલબ્ધ થઈ રહી છે. પણ સાવધાન. હમેશા ઓવર ક્રાઉડેડ રહેતા ડાંગમા રાત્રી રોકાણ કરવુ હોય તો તમારે એડવાન્સ બુકીંગ કરાવીને જ આવવાની વણમાંગી સલાહ છે. ડાંગની આ ઈકો કેમ્પ સાઈટ ખાતે વુડન કોટેજ, લોગ હટ્સ, ટેન્ટ હાઉસ, ડિલક્ષ ટેન્ટ, સ્યુટ્સ (સ્વિટસ), ટ્વીન બંગલોઝ, ડોરમેટરી, સાથે ટ્રી હાઉસ પણ ઉપલબ્ધ કરાવાયા છે. હળવા નાસ્તા મેગી અને કાંદા પૌવા સાથે ગરમાગરમ મસાલા ચા, કોફી, દૂધ અને બોર્નવિટા સાથે ડાંગી અને ગુજરાતી ભોજનનો વિકલ્પ પણ અહીં ઉપલબ્ધ કરાવાયો છે.

ઉત્તર અને દક્ષિણ ડાંગના નાયબ વન સંરક્ષકોના માર્ગદર્શન હેઠળ જુદી જુદી રેન્જમા આવેલી આ કેમ્પ સાઈટ્સનુ સંચાલન વન વિકાસ પરિસરીય મંડળીને સોંપી સ્થાનિક ગ્રામજનોને રોજગારીની તક પુરી પાડવામા આવી છે.

ભોજન, અને નિવાસ સાથે વનકેડી પર પરિભ્રમણના શોખીનો માટે જંગલ ટ્રેલ, વન પર્યાવરણને નજીકથી જાણવા અને માણવા માંગતા પર્યટકો માટે પર્યાવરણ શિબિર, બર્ડ વોચિંગ, બોટની ફેસ્ટ, સ્થાનિક સાંસ્કૃતિક કાર્યક્રમો, અને કેમ્પ ફાયર જેવી એડઓન સર્વિસ પણ ઉપલબ્ધ કરાવવામા આવી રહી છે. તો પર્યટકો અહીં એડવેન્ચર એક્ટિવિટીનો લાભ પણ સમય, સંજોગ, અને ઋતુ અનુસાર ઉઠાવી શકે છે. આટલુ વાંચી ને જો તમને ડાંગના ઘનઘોર વનો વચ્ચે, કાળી ડિબાંગ વરસાદી રાત્રી, સપરિવાર વિતાવવાનુ મન થતુ હોય તો ઉઠાવો તમારો સ્માર્ટ ફોન, અને આંગળીના ટેરવે ઉપલબ્ધ વિગતો જોઈ ચકાસી, કરો કંકુના. પધારો ડાંગ. ઈકો ટુરિઝમ ડિસ્ટ્રીકટ ડાંગ, તમારુ સ્વાગત કરવા, હંમેશની માફક સજ્જ છે. પણ યાદ રહે, આખો ડાંગ જિલ્લો નો પ્લાસ્ટિક ઝોન છે તેનો ખ્યાલ રાખજો. પર્યટકો આ સાઈટ્સ ઉપર એક જ કલીકે પહોંચી શકે તે માટે વન વિભાગની નીચે દર્શાવેલી લિંકનો ઉપયોગ કરવો હિતાવહ છે. અહીંથી તમને જુદા જુદા ચોઈસ ઓપશન્સ સાથે ઘણીબધી જાણકારીઓ મળી રહેશે.

## વલસાડ કલેક્ટર કચેરી ખાતે 'ઘોડિયા ઘર'ની સુવિધા ઉભી કરાઈ

**વલસાડ, તા.૧૭ :** વલસાડ કલેકટર કચેરીના ગ્રાઉન્ડ ફલોર ખાતે નાના બાળકો માટે ઘોડિયા ઘરની સુવિધા ઉભી કરવામાં આવી છે. વલસાડની કોઈપણ કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી પોતાના નાના બાળકને નજીવી ફી માં આ ઘોડિયાઘરમાં મોકલી શકે છે. ઘોડિયાઘરમાં બાળકના યોગ્ય આહાર, મનોરંજન, સુરક્ષા, કેરટેકર સ્ટાફ, AC રૂમ, CCTV કેમેરા સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તમામ કચેરીના વડાઓને આ બાબતની જાણ સ્ટાફગણને કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**